
Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

Year : 23 - Issue : 02

November, 2018



(અનુષ્ટુપ)

સંભાર્યા હરિ વિના કર્મ પ્રારંભ થાય ના,
કર્મ જ્યાં જે થતું હોય ત્યારે હરિ યાદ ત્યાં,
થતાં, થયેલ સૌ કર્મ પાછાં શ્રીહરિનાં પદે,
-સમર્પીને, થવાનું છે હળવાફૂલ અંતરે.

- શ્રીમોટા

'ભાવકણિકા', પ્ર. આ., પૃ. ૨



## સ્વવર્તનથી સુખ

તરસ્યાંને પાણી, ભૂખ્યાંને અન્ન, ઉઘાડાંને વસ્ત્ર અને થાકેલાંને બેસવા ઓટલો આપશો તો તમારા ઉપર શ્રીહરિની કૃપા જરૂર ઊતરશે. તમારી વિરુદ્ધ કોઈ સેંકડો વાતો અને નિંદા કરે તોપણ તમે તેને બિલકુલ કડવો ઉત્તર આપશો જ નહિ.

સદા સહનશીલ રહેશો તો અવશ્ય સુખી થશો.

- શ્રીસાંઈબાબા

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૨૩ અંક : ૨ નવેમ્બર, ૨૦૧૮

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
**Mo. / SMS / Whatsapp - 9427554391**

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
**'હરિભાવ' ઉપલબ્ધ હોય છે.**
**ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬**

* Subject to Ahmedabad Jurisdiction

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.: ૯૩૨૭૦૩૬૪૧૪**

## અનુક્રમ

૧. મનને પણ આરામની જરૂર રહ્યા કરે છે .......... શ્રીમોટા ૪
૨. આપત્તિમાં આધાર શ્રીહરિનો .................... શ્રીમોટા ૫
૩. ભૂત-પ્રેત યોનિ વિશે ............................ શ્રીમોટા ૬
૪. શ્રીમોટા પૈસાના પૂજારી ન હતા ............. શ્રી નંદુભાઈ ૮
૫. પેપ્સી-કોલાનાં ભયસ્થાનો ...................... ભૂમિપુત્ર ૧૦
૬. 'વાયુ' જીવમાત્રનું જીવન છે .......... સ્વામી કૃપાલ્વાનંદ ૧૨
૭. પદ્યપ્રસાદી.......................................... શ્રીમોટા ૧૪
૮. કુદરતના રાજ્યમાં માફીપત્રને સ્થાન નથી .............. .................................. શ્રીમદ્ રામજીબાપા ૧૫
૯. પૂજ્ય શ્રીમોટાના ૧૨૧મા અવતરણ દિને નરોડા ખાતે ઉત્સવ (ટૂંક અહેવાલ) ............. સંપાદક ૧૬
૧૦. નર્મદા પરિક્રમા : અનુભવ અને ચિંતન ................ ........................... સ્વામી પ્રેમાનંદ સરસ્વતી ૧૭
૧૧. ગોધરાના બાપજી મહારાજ (૪) ........... મુકુલ કલાર્થી ૧૮
૧૨. આપણને ભગવાનની સભાનતા રહેતી નથી ..... શ્રીમોટા ૧૯
૧૩. નિશ્ચય અને ગુરુસેવા અંગે .......... સનતભાઈ પાટડિયા ૨૧
૧૪. ઈશ્વર ઉપાસનામાં ભક્તિ તત્ત્વ ........ કપિલભાઈ ઓઝા ૨૩
૧૫. અનુષ્ઠાનનું મહત્ત્વ ............................. શ્રીમોટા ૨૫
૧૬. 'જીવન' સાથે આવશે, ધન નહિ ....... સ્વામી સદાશિવ ૨૬

## નૂતનવર્ષાભિનંદન

**પૂજ્ય શ્રીમોટા 'હરિવાણી ટ્રસ્ટ'ના અને તેની પ્રવૃત્તિના અધિષ્ઠાતા અને પ્રેરકબળ છે. એ ભાવનાની સભાનતા સાથે 'હરિભાવ'ના બૃહદ પરિવારને શ્રીહરિનાં ચરણે પ્રણમીને દીપવાલી / નૂતનવર્ષની હાર્દિક શુભેચ્છાઓસહ અભિનંદન પાઠવીએ છીએ.**

**આ માર્ગે પ્રગતિ માટે શ્રીહરિની કૃપા-સહાય સર્વે ઉપર વરસતી રહે એવી નમ્ર ભાવે પ્રાર્થના પણ છે.**

**- ટ્રસ્ટીમંડળ, હરિવાણી ટ્રસ્ટ**

## (૧) મનને પણ આરામની જરૂર રહ્યા કરે છે

શ્રીમોટા

આપણે મનને સંપૂર્ણ ખાલી ને ખાલી જ કર્યા કરવાનું છે. ત્યાં કશું જ ભરાવા દેવાનું નથી. મન સંપૂર્ણ નીરવતામાં પ્રગટ્યા વિના સંસારવહેવાર, સંબંધો, સંપર્કો અને વર્તનમાં મનને આઘાત પ્રત્યાઘાત થયા જ કરતા હોય છે. તેથી એને અને જીવને થાક પણ લાગે છે. મન તંગ બને છે અને એ ખેંચ અનુભવે છે. જેનું મન સાવ શાંત રહે છે એને એવી ખેંચ જન્મતી જ નથી. **મનને પણ આરામની જરૂર રહ્યા કરે છે.**

વળી, દિવસના વહેવારવર્તનમાં તો મન ઉપર કંઈક અંકુશ જીવનો રહે છે, પણ રાતે તો તે સાવ બેલગામ બની જાય છે, અને એ તે વેળા કંઈ કંઈ ભોગવ્યા કરે છે. એવા ભોગવવાપણાની અસર આપણા જ્ઞાનતંતુઓ ઉપર અપાર રહ્યા કરે છે. આથી, સવારે ઊઠીએ છીએ ત્યારે જાણે સાવ નમાલાં અને સ્ફૂર્તિ વિનાનાં હોઈએ એમ લાગ્યા કરે છે. એવું રાતે ઊંઘમાં મનથી જે જે ભોગવવાપણું બને છે, તેથી મનને ઘણો જ થાક લાગે છે તથા દિવસના મનના વહેવારથી તે મટી શકતો પણ નથી.

મનને આરામ આપવાનું જો કરવું હોય તો મનને સંપૂર્ણ શાંતિવાળું બનાવવાનું રહે છે. તો જ તે તેવો આરામ મેળવી શકે. એટલે પહેલાં તો આપણે મન પૂરેપૂરું શાંત બની શકે, તેવું કરવાનું છે. તે સાથે સાથે તે ખુલ્લું રહ્યા કરે, મનમાં શાંતિનું સામ્રાજ્ય જામે, તેમાં તે એકાગ્ર અને કેંદ્રિત બને ત્યારે તે દશામાંથી હૃદયના ભાવને ઝીલી શકવાની તાકાત આપણામાં જન્મતી હોય છે.

મન ઉપર કાબૂ મેળવવાનું જ્ઞાનભાન જો સાધક નહિ રાખતો થાય તો આપણાથી કશું પણ બની શકવાનું નથી. નિશ્ચય ઉપર આવી જવું જ પડશે. **આપણા જીવનની શોભા વર્તનમાં રહેલી છે.** વળી, વર્તનથી નિશ્ચય પાકો થતો જાય છે. જેમ જેમ વર્તનમાં નિશ્ચયની મક્કમતા પ્રગટતી જાય છે, તેમ તેમ જીવનમાં તેજસ્વિતા અને પ્રાણ પ્રગટતા રહે છે.

નિશ્ચયને અમલમાં મૂકવાનું કરવા જતાં ઘણી ઘણી મુશ્કેલીઓ તો આવવાની જ, અને તે બધું એવું એવું તો ઊભું થવાનું કે જાણે હંમેશને માટેનું હોય એમ સાધકને લાગ્યા પણ કરવાનું, પણ જો સાધક હૃદયથી હૃદયમાં તેવી વેળા પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક પોતાના પ્રભુને આર્દ્ર ને આર્ત નાદે પ્રાર્થનાભાવે પોકાર પાડ્યા જ કરશે, તો એને મદદ મળ્યા કરવાની છે, પણ આપણને તે તે પળે તેવો પોકાર પાડવાનું પણ ક્યાં સૂઝે છે ?

માટે, કૃપા કરીને જાગતાં રહો તો તો સારું. વધારે તો શું લખું ? **આપણે જીવવું છે, તે જીવનવિકાસ સાધવાને કાજે.** માટે ખંતીલા, ઉત્સાહી કાળજીવાળા અને મનથી સતત જાગ્રત રહેવાનું કર્યા કરીશું, તો બધું સલામત રહી શકવાનું છે.

**પ્રભુકૃપાથી હું તો રસ્તો બતાવી શકું અને પ્રત્યક્ષ મદદ પણ મળી શકે, પણ તે ઝીલવા કાજેની પૂર્વભૂમિકા સાધકે પોતે તૈયાર કરવાની રહે છે. જાતે ખાધા વિના જેમ ભૂખ મટી શકવાની નથી, તેમ એવા પ્રકારનો પ્રયોગ કર્યા વિના આપણને તે પ્રકારના અનુભવ પણ કેવી રીતે થઈ શકવાના છે ?**

'જીવન સોપાન', બી.આ., પૃ. ૧૩૪ ❑

## (૨) આપત્તિમાં આધાર શ્રીહરિનો

**શ્રીમોટા**

કેટલાંકે સંસારને અમૃતમય કહ્યો છે. આપણને એ વાત ગળે ઊતરે નહિ. એને ગપ્પું માનીએ છીએ. દુઃખ, આધિ, વ્યાધિ, ક્લેશ, સંતાપ વગેરેથી આપણે આવરાયેલાં છીએ. એટલે એક પ્રકારના આંધળાં છીએ. આંધાળાં માણસોને હાથી જુદા જુદા પ્રકારનો લાગે છે. જે કાનને પકડે એને સૂપડા જેવો લાગે, જે પગ પકડે એને થાંભલા જેવો લાગે, પણ એ સમગ્ર સત્ય નથી. તેવી રીતે કોઈકને ભગવાન પતિતોદ્ધારક લાગે છે, પણ એ એકલો તેવો નથી. એને કોઈ વાતની સીમા નથી.

આપણે જીવદશાવાળાં ભલે રહ્યા, પણ સુખશાંતિ મેળવવા માટે ભગવાનની આગળ વાત કરો, તો હળવાશ, પ્રસન્નતા જરૂર મળશે. આપણે મિત્ર આગળ વાત કરીએ છીએ, એટલે મિત્ર કંઈ આપણું દુઃખ લઈ લેતો નથી, પણ કહેવાથી હળવાશ લાગે છે. એમ દિવસના ૫૦-૬૦ વાર દુઃખ મુશ્કેલીના કારણે ભગવાનને કહેતા રહીએ. આત્મનિવેદન કરીએ તો અંગ્રેજીમાં જેને સાઈકિક કૉન્ટેક્ટ 'ચૈતસિક સંપર્ક' કહે છે તે થશે. જેની બુદ્ધિ બ્રહ્મમય બની ગઈ હોય તેને સંસાર અમૃતતુલ્ય લાગે.

કોઈ ઈજનેર આપણી પાસે આવીને કહે કે આમ કરો તો આપણે માની લઈએ છીએ. કોઈ ડૉક્ટર આવીને કહે કે દર્દીને ટાઈફૉઈડ છે ત્યારે કશી શંકા ઉઠાવતા નથી, પણ અનુભવી કશું કહે તે જાણકાર છે એની ખાતરી શી ? **વિદ્વાનને પારખી શકાય પણ અનુભવીને નહિ પારખી શકાય.**

અનુભવીઓએ જુદી જુદી રીતે સાધના કરી છે ! જેવો જેવો કાળ તે તે પ્રકારે સાધન લીધાં છે. આપણા જ દેશમાં નહિ પણ બધે જ એમ બન્યું છે. બાપદાદાનો ખજાનો કામ નહિ આવે તું સાધન કર. રાગદ્વેષથી પર થા. કેટલીક વિદ્યાઓ એવી છે કે જેથી અહમ્ વધે છે. આપણે તો અહમ્ ઘટાડવું છે.

ચેતન સર્વત્ર વ્યાપેલું છે, જળમાં જળરૂપ થવું, તેજમાં તેજરૂપે. મળ, વિક્ષેપને આવરણના કારણે આપણામાંનું ચેતન તેવું છે.

ચેતનને તેના યોગ્ય પટમાં વહેવડાવવું હોય તો તેને યોગ્ય ચૅનલ-નહેર ખોદવી પડશે. તે ત્યારે જ બને કે આત્મા તરફ વલણ થાય, પણ તેને માટે બદ્ધિ રાગદ્વેષથી પર થવી જોઈએ, પણ તે એકદમ નહિ બને. માટે, કહ્યું છે કે ભગવાનનું નામ લો. હિંદુ ધર્મમાં જ નહિ પણ દુનિયાના બધા જ ધર્મોમાં જપ ઉપર ભાર મૂકેલો છે અને એને ખારો આધાર ગણેલો છે.

બધા જ ધર્મોનું રહસ્ય જપમાં જ છે. આપણને સુખદુઃખ, મુશ્કેલીઓ, ગૂંચો આવે ત્યારે બુદ્ધિ એમાં આવરાઈ જાય. એવું ભગવાનને કહેવાનું રાખો. તેવે વખતે સ્મરણ કરો, ભજન કરો, સત્સંગ કરો. તેમાં ને તેમાં અટવાયા કરો એટલે મુશ્કેલીનો કાળ વધવાનો, પણ બુદ્ધિને તેનાથી વિમુખ કરો. તો ઉકેલ તરત જ મળી જાય.

મહાત્માઓ ધર્મની વાત કરતા હતા. ધર્મનું પ્રત્યક્ષ લક્ષણ-પ્રમાણ શું ? જ્યાં ધર્મ હોય ત્યાં

**(અનુસંધાન પેજ નં. ૧૧ ઉપર)**

**શ્રીમોટા :** જીવદશાવાળાના મૃત્યુ પછી એનું સૂક્ષ્મ શરીર પૃથ્વીના વાતાવરણમાં રહે. પૃથ્વીના વાતાવરણથી પાંચ, સાત, આઠ માઈલ સુધીના વિસ્તારમાં એ રહે. અનુભવીનું સૂક્ષ્મ શરીર જુદા પ્રકારનું. જીવદશાવાળાના સૂક્ષ્મ શરીરને ફરીથી અવતરવાનું હોય એટલે એ પૃથ્વીના વાતાવરણમાં રહે. યથાકાળે એ વાગોળતાં વાગોળતાં અટકે ત્યારે એ જન્મ લે છે. એ વાગોળવાનું કેટલો વખત ચાલે એનું કંઈ નિશ્ચિત ધોરણ નથી. અનેક જન્મોનાં કરેલાં કર્મોનું વાગોળવાનું ત્યાં પૃથ્વીના વાતાવરણના અવકાશમાં બને છે.

**સ્વજન :** જે ભૂત થાય છે એનું કારણ ?

**શ્રીમોટા :** હા-એનું કારણ છે. અત્યંત આવેગવાળી કોઈ ડિઝાયર(-ઇચ્છા) હોય અથવા તો કોઈ માણસ આપઘાત કરે છે-આવા આવેગને કારણે એ ઝેર-બેર પી લે છે-પણ પીધા પછી શરીર છોડતી વખતે એનાં મનાદિની જે સ્થિતિ થાય છે એ બહુ ભયંકર હોય છે. એ દશાને કારણે એ પ્રેત થાય છે. પ્રેતનો એવો સ્વભાવ છે કે જીવદશામાં જેના પરત્વે એને દંશ રહ્યો છે-તે દંશ જતો નથી-કાયમ રહે છે. પછી તેને કોઈ ને કોઈ રીતે હેરાન કરે છે.

**સ્વજન :** એને વાગોળવાનું ન થાય ?

**શ્રીમોટા :** ના, એને વાગોળવાનું નહિ થાય-બિલકુલ નહિ.

**સ્વજન :** એ લોકોનો ઉદ્ધાર કેવી રીતે થાય ?

**શ્રીમોટા :** એ લોકોનો ઉદ્ધાર એની મેળે વખત આવતાં થાય છે. કેટલાંકને ઘણો કાળ લાગે. મારા જીવન સાથે સંકળાયેલા એવા બે કિસ્સા બનેલા. એક તો નંદુભાઈની પેઢીમાં એક નોકર હતો. દક્ષિણમાં એક ઠેકાણે ધોધ પડે છે, તે નંદુભાઈના ભાઈ ને બીજા બધાં આનંદ કરવા ત્યાં ફરવા ગયેલાં. એ માણસ કહે કે ધોધની છેક નીચે કૂવો છે. એમાં આ છોકરાને (હરિનેઃસં) લઈને જઉં ને તરીને બહાર નીકળું. મેં કહ્યું, ‘અલ્યા મરવું છે ? બૈરી છોકરાં છે કે નહિ ? લાવ.’ એમ કરીને મેં એ છોકરાને લઈ લીધો. પછી એ તો પેલા વહેરા પાસે આમતેમ ફરવા લાગ્યો. અમે કહ્યું કે ‘ભઈ, તું આવતો રહે. આ લીલ બાઝેલી છે અને લપસીશ તો પડીશ’-આમ બોલીએ છીએ ત્યાં તો એ પડ્યો અને મરી ગયો. એ ભૂત થયેલો. એના મનમાં એમ કે ‘મોટાએ કેમ મને ઉગાર્યો નહિ ?’ મને એટલા બધા ધક્કા મારે ! શરૂઆતમાં તો મને સમજણ ના પડી. જ્યાં ત્યાં ધક્કા મારે ને હું પડી જઉં. મને વાગે પણ ખરું. નંદલાલના મામાએ મને પડી જતો જોયેલો. પાછળથી સૂસવાટાબંધ પવન વાતો હોય એવું લાગે. મને થતું કે ‘આ શું થાય છે ?’ પછી એક વખત મેં ધ્યાનમાં બેસીને જોયું ત્યારે મને સમજણ પડી, પણ ત્યારે મારે ધ્યાનમાં બેસવું પડતું. પછી **અમારા મૌનમંદિરના ઓરડામાં એ પ્રેતને રાખેલો. પછી એની સારી દશા થઈ ગઈ.**

બીજો એક કિસ્સો મુંબઈમાં બનેલો. એક સ્વજનની દીકરી M.Sc. થયેલી. કોઈના પ્રેમમાં હતી. એના બાપે બીજે ઠેકાણે વિવાહ કરેલો. એ છોકરી ભણેલી ગણેલી. બીજા સાથે બનત નહિ. એ છોકરા સાથે એવું નક્કી કરેલું કે પરણાય એવી સ્થિતિ નથી. માટે હવે મરી જવું. પોતે M.Sc. થયેલી એટલે શું ખાતાં તરત જ મરી જવાય એ જાણે. પેલાને પડીકું આપ્યું. છોકરી ખાઈ ગઈ, પણ પેલા છોકરાને નંદલાલે સમજાવીને વારેલો. એટલે એ બચી ગયેલો.

આ છોકરી પ્રેત થયેલી. મારે ને એમને ઘરોબો ખરો. મેં એના બાપને કહ્યું કે ‘હું એને સંભાળી લઈશ.’ ઘણી વખત સુરતના આશ્રમમાં રાત્રે અવાજો કરે. એ વખતે ડાહીબહેન મારી સાથે રહેતાં હતાં. ડાહીબહેને એ અવાજો સાંભળેલાં. મેં એમને નહિ

કહેલું કે આ પ્રેતના અવાજો છે. નહિતર એ ગભરાય. મને એણે બીવડાવવાના ઘણા પ્રયત્ન કરેલા. પછી ઠેકાણે આવી ગયેલી. આમાં બળાત્કાર ના ચાલે-ભાવનાનો પણ બળાત્કાર ના જોઈએ. ધીમે ધીમે કરીને કામ સધાય છે. પછી તો એનો હવન પણ મારે કરવો પડેલો. અડદ અને સાત જાતના લોટ લેવા પડેલા અને મનુષ્યના આકારનું એનું પૂતળું બનાવેલું, અને હવન કરીને એને હવનમાં હોમવાનું. એમાં ઘી હોમવાનું, એટલે પૂરેપૂરું બળી શકે. મંત્રોચ્ચાર કરીને એને બાળવાનું એટલે પેલાની મુક્તિ થાય. આવી પ્રોસેસ(ક્રિયા) હું કઈ જાણું નહિ, પણ મને એવી પ્રેરણા થાય. એ પ્રમાણે હું કરું.

પ્રેત એટલે 'એબ્રપ્ટ સ્ટેઈન ઓફ સ્ટ્રૉંગ ડિઝાયર'- અથવા તો કોઈ જીવ હોય, એને પોતાનાં બૈરી-છોકરાં, વેપાર-ધંધો વગેરે માટે ઘણો મોહ હોય. માલમિલકત વગેરે પર પુષ્કળ આસક્તિ હોય. એવાને અકાળે મરવાનું થાય એ એને બહુ કારમું લાગે. તોપણ એ પ્રેત થાય.

**સ્વજન :** (ધીરજબહેન) મોટા, જે એક્સીડન્ટથી (-અકસ્માત) મરી જતાં હશે એનું શું થતું હશે ?

**શ્રીમોટા :** તે પ્રેત થાય જ ને ! સાયલાના દરબારને કોઈક કારણથી એવું થયેલું કે ખાય ત્યારે નરકની જ વાસ આવે. ફળ ખાય તોય નરકની વાસ આવે. એટલે ખાઈ જ ના શકે. બહુ ત્રાસી ગયો. બહુ ઉપાય કર્યો તોપણ કશાથી મટ્યું નહિ. ત્યારે સાયલામાં લાલા ભગત. તે દરબાર આ ભગત પાસે ગયા. એમણે આ દૂર કર્યું. પછી ગામમાં એમને જગા આપી. પૈસા આપ્યા. પછી લાલા ભગતે એક મંદિર બાંધ્યું. આજેય સાયલામાં લાલા ભગતની જગા છે.

પ્રેત એપ્ટ મિડિયમમાં (યોગ્ય માધ્યમ) પ્રવેશીને ભોગવે છે. એ ભોગવ્યા પછી એનો નવો જન્મ થવાની શક્યતા ઊભી થાય, પણ ભોગવવાથી જીવને સંતોષ ના થાય. આપણા કરતાં એની ભોગવવાની તૃષ્ણા બહુ જબરી-ઇન્ટેન્સીટીવાળી. આપણામાં જે ઇચ્છા તૃષ્ણા થાય તે જળ અને પૃથ્વીતત્ત્વને લીધે ટુંકાઈ જાય છે. એની માત્રા ઓછી થાય. જ્યારે પેલાને જળ અને પૃથ્વી તત્ત્વ છે નહિ. એને એપ્ટ મિડિયમ જોઈએ. એવા મિડિયમમાં એ ભોગવે ત્યારે પેલા જીવનું શરીર પણ આને લીધે લથડી જાય.

**સ્વજન :** (ડૉ. કાંતાબહેન) મોટા, એ વખતે પેલો માણસ હરિસ્મરણ કરે તો-

**શ્રીમોટા :** તો તો પેલા પ્રેતની તૃષ્ણા પૂરી ન થાય તો એણે જતા રહેવું પડે. એનું કારણ એ છે કે એનું એપ્ટ મિડિયમ એ રહે નહિ. એની ભૂમિકા બદલાઈ જાય. એટલે એનાથી ન રહી શકાય. જેનામાં એ આવ્યો હોય એણે હરિસ્મરણ કર્યું, એથી એને જતા રહેવાનું થાય, તો તેથી કરીને પેલા જીવને કંઈ નુકસાન ન થાય. ઊલટું સારું થાય. ભગવાનનું નામ લેતો થયો હોય તો એની ભૂમિકા બદલાઈ. પેલો પ્રેત એનું કંઈ બગાડી ન શકે.

તૃષ્ણા એવી છે કે જો એ રહ્યા કરે તો આપણા જીવનનું જે કાર્ય છે-જે હેતુથી આપણે જન્મ્યાં છીએ-એ ઇચ્છા ફૂલફીલ (પરિપૂર્ણ) કરવા માટે શરીરનો જન્મ એ એ ફૂલફીલ થઈ શકે નહિ.

અનુભવીને એવાં નિમિત્ત આવે છે ખરાં કે પેલાને પાછલા જન્મની સભાનતા થાય છે. એને વિચારવા જવું ન પડે. આપમેળે સ્ફુરી આવે છે.

**સ્વજન :** (ધીરજબહેન) મોટા, આપને તો કેટલાંય લોકોના પૂર્વજન્મની ખબર હશે !

**શ્રીમોટા :** હા, વાત ખરી, ધીરજબહેન. આપણે જીવદશામાં હોઈએ તોપણ નક્કી કરી શકીએ છીએ કે પેલા ભવનું એની સાથે અનુસંધાન છે. પુત્ર, પરિવાર, પત્ની, દોસ્ત-એ બધાં ગયા જન્મના સંગાથી છીએ. ગયા જન્મથી આપણે તે તે જીવો સાથે સંકળાયેલાં છીએ.

'ગ્રહગ્રહણ', પ્ર.આ. પૃ. ૪૩-૪૭ ❑

## (૪) શ્રીમોટા પૈસાના પૂજારી ન હતા

**શ્રી નંદુભાઈ**

પૂજ્ય શ્રીમોટાની જાણ મને શ્રી હેમંતભાઈ દ્વારા ૧૯૩૯માં થઈ. મારો વિચાર પોંડિચેરીના શ્રીઅરવિંદ આશ્રમમાં જોડાવાનો હતો, પણ ત્યાં કુટુંબ સાથે રહેવાતું નહિ. શ્રી હેમંતભાઈએ મને કહ્યું કે મોટા સાથે સાધના કરવામાં કુટુંબ સાથે રહી શકાશે. એટલે હરિજન આશ્રમ, સાબરમતીમાં કુટુંબ સાથે રહેવા લાગ્યો. **શ્રીમોટાને હું સીધા સાદા ક્લાર્ક તરીકે જાણતો હતો.** ૧૯૪૩થી હું મૌનમાં બેસતો થયો. ૧૯૪૬ના મૌનમાંથી બહાર નીકળ્યો એટલે મેં એકદમ હિંદી અને અંગ્રેજીમાં સતત બોલવાનું શરૂ કર્યું. શ્રીઅરવિંદ આશ્રમના સાધકો તેમની પાર્થિવ સંપત્તિ શ્રીઅરવિંદને ચરણે ધરતા. તે પ્રમાણે મેં મોટાને કહ્યું કે મારી પાસે જે કંઈ છે તે મારે તમને આપી દેવું છે.

શ્રીમોટા કહે, 'આપવાથી કંઈ વળશે નહિ ! તેથી કંઈ તમારી પ્રગતિ થઈ જશે તેમ આશા રાખશો નહિ, માટે તે વાત જવા દો,' પણ મેં તો હઠ લીધી. લગભગ ૧૬ કલાક ખાધાપીધા વિના બોલ્યા કર્યું. મારે રજિસ્ટર્ડ વીલ કરીને પાકે પાયે બધું આપી દેવું હતું. એટલે ડૉક્ટરને, વકીલને બોલાવવા મેં કહેલું, પણ શ્રીમોટાએ સિફતથી કામ લીધું. ઘણી મોટી રકમની વાત હતી, પણ શ્રીમોટાએ તે સ્વીકારી નહિ.

શ્રી હેમંતભાઈ પાસે પોતાની જે કાંઈ રકમ હતી તે સ્વીકારવા માટે શ્રીમોટાને ખૂબ આગ્રહ કર્યો. શ્રીમોટાએ તો ના જ પાડી કે મારે પૈસાની કોઈ જરૂરિયાત નથી, પણ હેમંતભાઈએ ખૂબ આગ્રહ કર્યો એટલે શ્રીમોટાએ કહ્યું કે ભલે. હરિજન આશ્રમમાં ચૂનીલાલ ભગતનું એક ખાતું ચાલુ હતું. તેમાં શ્રી હેમંતભાઈએ એમની રકમ જમા કરાવી. એ રકમ બે ત્રણ વર્ષ જેમની તેમ પડી રહી, પણ શ્રીમોટાએ તેમાંથી કોઈ જ રકમનો ઉપાડ ન કર્યો.

આવા નક્કર અનુભવો છતાં ક્યારેક મનમાં વિચારો આવી જાય કે મોટા આમ કરશે અને મોટા તેમ કરશે. અમે હિમાલય ગયા હતા. મારી સાથે જોઈએ તેના કરતાં ઘણી વધારે રકમ તેમણે લેવડાવી. પૈસાનું પાકીટ અને તેનો વહીવટ શ્રીમોટા પાસે હતો, પણ જમવામાં રોજ ગણેલી ભાખરી અને બટાટાનું શાક. અમારો પ્રવાસ બાવન દિવસ ચાલ્યો. મને થયું કે આ વધારાના પૈસા તેઓ પોતાની પાસે રાખી લેશે, પણ પ્રવાસને અંતે લગભગ અડધોઅડધ રકમ જે વધી હતી તેમાં બીજી રકમ ઉમેરાવીને હેમંતભાઈના દાદાના નામના મહીપતરામ રૂપરામ અનાથ આશ્રમ, અમદાવાદમાં અમારી બાના નામે દાનમાં અપાવી દીધી. એક તો અમે વણિક અને એમાંય હીરાનો વેપાર કરીએ એટલે ડગલે ને પગલે મનમાં શંકાઓ ઊભી થાય. **એટલે શ્રીમોટા માટે પણ શંકા ઉત્પન્ન થયેલી.**

હેમંતભાઈએ આશ્રમ બંધાવવાનો ખૂબ આગ્રહ મોટાને કર્યા કર્યો, એટલે મોટાએ કહ્યું કે એક લાખ રૂપિયા ભેગા કરો. આજની ગણતરીએ એક કરોડ ઉપરની રકમ થાય. મોટાને એમ કે ક્યાં એટલી રકમ થવાની છે ! પરંતુ સારી એવી રકમ ભેગી થયા પછી તે બધી રકમ પાછી આપી દેવાનો નિર્ણય શ્રીમોટાએ જણાવ્યો અને પોતાની પાસે થોડીક રકમ ભેગી થઈ તેમાંથી કુંભકોણમ્‌ની જગ્યા લીધી. ૧૯૫૧માં આશ્રમનું મકાન કરવા મામાએ (ગોપાલદાસે) શ્રીમોટાને ઉછીની રકમ આપી. જે ધીમે ધીમે મોટાએ પરત આપી દીધી હતી.

એક દિવસ મોટા મને કહે કે તમે બધા ભાઈઓ છો, તે તમે બાને શું આપો છો ? આ વિચાર મને તો આવેલો જ નહિ. અમને એમ કે બધા ભાઈઓ સાથે બા રહે છે, એટલે એને પૈસાની શી જરૂરિયાત ? તો

મોટા કહે કે તમારાં પત્ની પણ તમારી સાથે જ રહે છે તો એને કેમ આપો છો ? પાછી અમે દલીલ કરી કે બાને જે રકમ આપીએ તે રકમ એ તો મંદિરમાં અને રાજભોગમાં આપી દેશે. મોટા કહે, 'એ નદીમાં ફેંકી દે, દરિયામાં ફેંકી દે એ તમારે જોવાનું નથી. ભક્તિ એનું નામ કે જેને માટે આપણે આપીએ પછી એની માલિકી આપણી નહિ. એને જેમ કરવું હોય તેમ કરે. વળી, એમ પણ કહેલું કે **જ્યાં સુધી માની ભક્તિ ના જાગે ત્યાં સુધી તમારી સાધના અધૂરી રહેવાની.** બધા ભાઈઓએ બાને પૈસા આપવાનું શરૂ કર્યું. આજની કિંમતના પંદરેક લાખ જેવી રકમ ભેગી થયેલી અને બા બીમાર પડી. અમને થયું કે હવે બા બચશે નહિ. એવે વખતે બાએ અમને કહ્યું કે મારી જે રકમ છે તે મોટાને આપી દેજો. મેં એને મારો છઠ્ઠો દીકરો ગણ્યો છે. અમારા એક ભાઈ તો બોલ્યા પણ ખરા કે મોટાએ બાને પૈસા અપાવડાવ્યા તે આ જ કારણે અપાવડાવેલા. બા બચી ગયાં, પણ બધા પૈસા બાએ તો મોટાને આપી દીધા, પણ મોટાએ તેમાંથી કશું જ રાખ્યા વિના બારડોલીની શ્રી મુકુલ કલાર્થી અને નિરંજનાબહેન ચલાવતાં હતાં તે શાળામાં પૈસા આપી દીધા. તેનું વ્યાજ વાપરવાની શરતે.'

વિદ્યાનગરના ડૉ. કાંતાબહેન ૧૯૬૩ '૬૪માં મૌનમાંથી નીકળ્યાં અને મોટાને કહે, મોટા, મારા બધા દાગીના મારે તમને આપી દેવા છે, મોટાએ એ ભાવનાનો સ્વીકાર તો કર્યો, પણ બધા દાગીના પાછા આપી દીધા અને એટલું જ કહ્યું કે મારા વતી તું રાખજે અને એ દાગીના હવે તું પહેરીશ નહિ.

અમદાવાદમાં જમનાબહેન ભગતને પોતાનું ઘર હતું. તેઓ મોટાને કહે કે હું જીવીશ ત્યાં સુધી આ ઘરમાં રહીશ પછી તમને આપી દેવું છે. મોટાએ તેમને સમજાવ્યા કે તમારાં કુટુંબમાંથી જે કોઈ તમારી સેવાચાકરી કરે તેમ હોય તેમને આપજો, કારણ કે સાજે માંદે મોટા તમારી સેવામાં નહિ આવે.

ભણી રહ્યા પછી મોટાને આફ્રિકાથી સારી નોકરીની ઑફર મળી. એમના ભાઈ સોમાભાઈ ત્યાં ગયા હતા, પણ મોટા તો કહે કે મેં સેવાનું વ્રત લીધું છે. મારે આફ્રિકા જવું નથી. તે પછી પેરિસ જવાની પણ ઑફર મળેલી પણ મોટાએ દેશસેવાના વ્રતને કારણે એ નોકરી પણ સ્વીકારેલી નહિ. હરિજન સંઘમાંથી મોટાને પચાસ રૂપિયા મહિને મળતા હતા, તેમાંથી એક આનો હજામતનો રાખી બાકીની રકમ ઘરમાં આપી દેતા. ગાંધી આશ્રમની બાજુમાં એક બંગલામાં એક છોકરાને મોટા ટ્યૂશન આપે. એક કલાક રોજ ભણાવવાના મહિને પચીસ રૂપિયા જેવી રકમ મલતી. મોટા આ રકમ સંઘના ચોપડે જમા કરાવી દેતા. કોઈકે પૂછ્યું કે ભગત આમ કેમ ? તો કહે, 'મારે સંઘ માટે કામ કરવાનું છે. સંઘના કામના વ્રતમાંથી હું એક કલાક આપું છુંને ! તો એ પૈસા હું રાખું તો ચોરી કરી કહેવાય.' એક બાજુ ઘરમાં પૈસાની ઘણી ખેંચ પડતી. વિધવા ભાભી દળણાં દળતાં હતાં. આવી સ્થિતિમાં પણ એમણે ટ્યૂશનના પૈસા પોતાની પાસે રાખ્યા ન હતા. આવું કોણ કરી શકે ?

મોટાને પોતાને જે અંગત ભેટો-રકમો મળેલી તે ૧૯૬૦ '૬૧માં ગુજરાતી સાહિત્ય પરિષદને પહેલું રૂપિયા પચાસ હજારનું દાન કરી દીધું. આજની ગણતરીએ પચીસ લાખથી વધારે થાય. વળી, એ દાનમાં કોઈ જાતનું નામ નહિ, કોઈ જાતની જાહેરાત પણ નહિ.

મોટાના, પૈસા પ્રત્યે નિર્મોહના આવા ઘણા બધા પ્રસંગો છે.

'શ્રીમોટાની મહત્તા', પ્ર.આ.માંથી સાભાર ❑

*(કેટલાંક વર્ષ પહેલાં ભૂમિપુત્રમાં આવેલ આ લેખ જે તે સમયે હરિભાવમાં લેવાયો હતો. તેનું આ પુનઃપ્રકાશન છે - સંપાદક)*

પેપ્સી અને કોકાકોલા જેવાં પીણાં તીવ્રપણે ઍસિડયુક્ત હોય છે. તે પિવાય છે ત્યારે હોજરીને, પેન્ક્રિયાસને અને લીવરને નુકસાન પહોંચાડે છે. આ પીણાંઓમાંના ઍસિડની માઠી અસરને દૂર કરવા શરીર આપણાં હાડકાંમાં રહેલા તીવ્ર આલ્કલી-કૅલ્શિયમ હાઈડ્રોક્સાઈડને તરત કામે લગાડે છે, પરંતુ વારંવાર અને વર્ષો સુધી આ રીતે હાડકાંનો કૅલ્શિયમ હાઈડ્રોક્સાઈડ આ માટે વપરાતો રહે, તો તેનાં હાડકાં પોચાં પડતાં જાય અને પાતળાં થતાં જાય. પરિણામે ઓસ્ટીપોરોસિસ અને ઓસ્ટિયોમેલ્સિયા નામના રોગો થાય, જે આજે વિકસિત દેશોમાં બહુ જોવા મળે છે.

આ ઉપરાંત, આ પીણાંઓમાં જે જાતજાતનાં રસાયણો, રંગ, સુગંધ, સાચવણી વગેરે માટે વપરાય છે, તે શરીરનાં ઘણાં અંગોમાં જમા થતાં રહે છે, જેનાથી છેવટે કૅન્સર થઈ શકે છે. આ પીણાંઓમાં ખાંડનું પ્રમાણ પુષ્કળ હોય છે, તે કાર્બોહાઈડ્રેટને કારણે શરીરમાં એકાએક વધુ પડતી સ્ફૂર્તિ લાવી દે છે, પરંતુ ત્યાર બાદ શરીરમાંના મહત્ત્વનાં રસાયણો એકાએક વધુ પડતાં વપરાઈ જવાને કારણે થાક ને ડીપ્રેશન અનુભવાય છે. આવી રીતે વારાફરતી તીવ્ર આવેગ અને તીવ્ર હતાશાનું ચક્ર વારંવાર ચાલ્યા કરે, તેને લીધે માણસના મનોભાવો, ચિત્તની એકાગ્રતા વગેરે ઉપર માઠી અસર થયા કરે છે.

મુંબઈના આરોગ્ય નિષ્ણાત ડૉ. આનંદ ગોકાણી ભારપૂર્વક કહે છે કે આ ઠંડાં પીણાંઓ અંગેની આ બધી આજ સુધી દબાવી રાખવામાં આવેલી સાચી હકીકતો હવે ઢંઢેરો પીટીને સહુ કોઈને જણાવી દેવી જોઈએ. લોકોને ભાન કરાવવું જોઈએ કે મોજ ખાતર પીવાતી આ બાટલી ખરેખર તો ઝેરની બાટલી છે.

આ પીણાંઓમાં pHનું પ્રમાણ ૩.૪ ટકા જેટલું છે. આટલી ઍસિડિટી દાંત અને હાડકાંને ઓગાળી નાખવા માટે પૂરતી છે. એક જણે પોતાનો તૂટેલો દાંત પેપ્સીની બાટલીમાં રાખ્યો, તો ૧૦ દિવસની અંદર તે તદ્દન ઓગળી ગયો ! દાંત અને હાડકાં એ માનવ શરીરનાં એવાં અંગો છે, જે મૃત્યુ બાદ પણ વર્ષો સુધી નાશ પામતાં નથી. તેમને પણ આ પીણાંઓમાંની ઍસિડિટી ઓગાળી નાખતી હોય ત્યારે તે આપણા શરીરમાં આપણાં નાજુક આંતરડાંને અને હોજરીની દીવાલોને કેટલું નુકસાન પહોંચાડતા હશે, તેની કલ્પના કરો.

વળી, એ પણ જાણી લો કે જ્યારે તમે આ પીણાંઓ પેટમાં નાખો છો ત્યારે તેની સાથે કાર્બન ડાયોક્સાઈડ પણ ગટગટાવો છો. દુનિયામાં કોઈ તમને કાર્બન ડાયોક્સાઈડ પીવાની સલાહ આપશે ? થોડા વખત પહેલાં દિલ્હી યુનિવર્સિટીમાં એક યુવાન એક પછી એક મોટી મોટી આઠ બાટલી પી ગયો અને તેના લોહીમાં

કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ એટલું બધું વધી ગયું કે તે ત્યાંનો ત્યાં જ મરી ગયો.

આવાં પીણાંઓને સંપૂર્ણ રુખસદ આપવી જોઈએ. તેમનું પોષક મૂલ્ય કશુંયે નથી. જ્યારે તેમાં હાનિકારક તત્ત્વો અનેક છે. તેથી 'આઝાદી બચાવો આંદોલન' એ આ પીણાંઓ સામે જોરદાર ઝુંબેશ ઉપાડી છે. એમણે એક માર્મિક સૂત્ર આપ્યું છે - 'પેપ્સી-કોકથી કરો તમારા સંડાસની સફાઈ !' પેપ્સી અને કોકાકોલાથી સંડાસની ગંદકી એટલી જ સફાચટ સાફ થઈ ગઈ, જેટલી કોઈ ઍસિડથી સાફ થાય.

આનું કારણ સાવ સ્પષ્ટ છે. આપણે ઘરોમાં સંડાસની સફાઈ માટે હાઈડ્રોક્લોરિડ ઍસિડ વાપરીએ છીએ. પેપ્સી-કોકમાં પણ ફોસ્ફરિક ઍસિડ અને કાર્બોલિક ઍસિડ જેવાં તત્ત્વો છે. સંડાસની સફાઈવાળા ઍસિડમાં અને પેપ્સી-કોકના ઍસિડમાં pHની માત્રા લગભગ એક સરખી જ છે. ત્રણની આસપાસ. તેથી સંડાસની ગંદકીની સફાઈનાં કામમાં બન્ને એકસરખા ઉપયોગી થાય છે.

'ભૂમિપુત્ર', ૧૬-૫-૨૦૦૦ ❑

**(અનુસંધાન પેજ નં. ૫ નું ચાલુ)**

પરાક્રમ, શૌર્ય, શૂરાતન, ઉદારતા અને સહિષ્ણુતાના ગુણો પ્રગટવા જોઈએ. એકબીજા પ્રત્યે સદ્‌ભાવ, પ્રેમ જાગવો જોઈએ. ધર્મ સુપ્ત અવસ્થામાં પડેલો છે. ધર્મ જીવતો હોય તો આપણામાં કાયરતા, ભાઈઓ ભાઈઓમાં કુસંપ-વેર ન હોય. આપણામાં મતમતાંતરો ઘણા છે. ધર્મ તો આપસમાં ઝઘડો કરાવે છે. એ ખરો ધર્મ નથી.

ગુરુમહારાજે કહ્યું છે કે જે કોઈ તારી પાસે આવે તેને કામ કેવી રીતે સારું થાય તે કહેજે. બ્રહ્મની ભૂમિકાની વાત કરવાથી કશું નહિ વળે. જેને જે જોઈએ તે આપ. જગતને મિથ્યા કહે છે, પણ વહેવાર તો ચલાવે છે.

મુશ્કેલીના સમયમાં આવરાઈ ના જતાં સ્મરણ-પ્રાર્થના વગેરે કરો, એ વહેવારુ ઉપાય છે. કામ કરતી વખતે પણ બને તો મનમાં કરો. બેઠાં બેઠાં પણ કરજો. તો મુશ્કેલીનો જરૂર ઉકેલ થઈ જશે.

'મૌનએકાંતની કેડીએ', પ્ર.આ. પૃ. ૧૦૫ ❑

**ગયેલા આત્માને**

**(૧) પૂજ્ય શ્રીમોટાના સ્વજન શ્રી લીલાબહેન ઈશ્વરભાઈ પટેલનો તા. ૨૮-૯-૨૦૧૮ના રોજ નરોડા ખાતે દેહાંત થયો છે.**

**(૨) પૂજ્ય શ્રીમોટાના સ્વજન સદ્‌ગત શ્રી ચીમનભાઈ મહાજનની દીકરી શ્રીમતી વિભાબહેન જગદીશચંદ્ર શાહનો ૬૯ વર્ષની વયે અમદાવાદ મુકામે દેહાંત થયો છે.**

**શ્રીહરિ આ ગતાત્માઓનું સર્વ પ્રકારે કલ્યાણ પ્રેરે એવી પ્રાર્થના છે.**

**-સંપાદક**

## (૬) 'વાયુ' જીવમાત્રનું જીવન છે

**સ્વામી કૃપાલ્વાનંદ**

એક યુગ એવો હતો કે સર્વને આપ્તપુરુષનાં વચનોમાં શ્રદ્ધા હતી. તે યુગમાં સત્યનો સાક્ષાત્કાર પામેલા પુરુષને આપ્તપુરુષ માનતાં. તેમનાં વચનોને 'શબ્દ' કહેતા તથા 'શબ્દ'ને પ્રમાણોમાંનું એક પ્રમાણ માનતા. એ દૃષ્ટિએ શ્રીમદ્ ભગવદ્‌ગીતાના વક્તા ભગવાન શ્રીકૃષ્ણ આપ્ત છે. તે પછી યુગપરિવર્તન થયું. આપ્તપુરુષોનાં વચનોમાંથી શ્રદ્ધા ઊઠતી ગઈ. વૈજ્ઞાનિકોએ આપ્તપુરુષનું સ્થાન લીધું અને સંસારમાં તેમનાં વચનોને પ્રમાણ માનવાની પ્રથાનો પ્રારંભ થયો. એમાં કંઈ અનુચિત થયું નથી.

ભૌતિકશાસ્ત્રે સિદ્ધ કરી બતાવ્યું છે કે આ વિશ્વની પાછળ એક સમાન અને સર્વાતીત સત્તા રહેલી છે. તે જ સમગ્ર વિશ્વનું કારણ છે. એ કારણમાંથી જન્મેલું જગત તે જનકસત્તાને જ શોધતું શોધતું ગતિ કરી રહ્યું છે. આજનો માનવ, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વ અપૂર્ણ છે. એક કાળે એ પૂર્ણતાને પામવાનાં જ એમાં શંકા કેવી ?

નિયમ એવો છે કે જો શરીરના ડાબા પડખાને દબાવીએ તો નાસિકાના જમણા છિદ્રમાં અર્થાત્ પિંગલા નાડીમાં વાયુ વહેવા માંડે છે. ફલતઃ જમણા ફેફસાંને અધિક વેગ મળવાથી તેની સાથે સંકળાયેલ શાખા-પ્રશાખાઓને પણ અધિક વેગ મળે છે. તે સમયે ડાબા ફેફસાંનો વેગ મંદ પડતો હોવાથી તેની સાથે સંકળાયેલી નાડીઓની શાખા-પ્રશાખાઓનો વેગ મંદ પડે છે. તે જ રીતે જો આપણે જમણા પડખાને દબાવીએ તો નાસિકાના ડાબા છિદ્રમાં અર્થાત્ ઈડા નાડીમાં વાયુ વહેવા લાગે છે. ફલતઃ ડાબા ફેફસાંને અધિક વેગ મળવાથી તેની સાથે સંકળાયેલ નાડીઓની શાખા-પ્રશાખાઓને પણ અધિક વેગ મળે છે.

ઈડા અને પિંગલા એ બન્ને નાડીઓમાં વહેતો વાયુપ્રવાહ બંધ થાય અને મધ્યમાર્ગમાં સુષુમ્ણામાં વાયુપ્રવાહ વહેવા લાગે એવું યોગ્ય આસનથી શક્ય બને છે.

શરીર જીવંત હોય છે ત્યાં સુધી તે બન્ને નાસાપુટો દ્વારા વાયુ શોષે છે, પણ જ્યારે તે વાયુ શોષવાની ક્રિયા સમૂળગી છોડી દે છે ત્યારે તે મૃત હોય છે.

**વાયુ જીવમાત્રનું જીવન છે.** શરીરનાં સમગ્ર તંત્રોનું સંચાલન શ્વસનક્રિયાને આભારી છે. જોકે આમ તો સઘળી વ્યક્તિઓ અનિયમિત રીતે શ્વાસોચ્છ્‌વાસની ક્રિયા કરે છે, પરંતુ યોગી તે ક્રિયા વૈજ્ઞાનિક રીતે કરે છે. તેથી, તેનું શરીર આરોગ્યના આદર્શ ઉદાહરણ જેવું હોય છે. પ્રાણાયામ દ્વારા મનોબળ અનેકગણું વૃદ્ધિ પામે છે, બુદ્ધિ સુતીક્ષ્ણ બને છે, સ્મૃતિ સતેજ રહે છે, સદાચાર સ્વભાવ બની જાય છે.

સામાન્ય મનુષ્યો શ્વાસોચ્છ્‌વાસની ક્રિયા અનિયમિત રીતે કરતા હોવાથી તેમના શરીરનું તંત્ર અવ્યવસ્થિત રીતે ચાલે છે. તેના કારણે સમસ્ત શરીરમાં ઉત્તમ રીતે રક્તસંચાર થઈ શકતો નથી. તેથી, આરંભમાં ઉત્સર્ગતંત્રમાં અવ્યવસ્થા ઉત્પન્ન થાય છે. તેમાંથી મૂત્રીય, મૂત્રાજલ, અંગારવાયુ, પાણી ઈત્યાદિ નિરુપયોગી દ્રવ્યો ઉત્પન્ન થાય છે. ઉપરાંત, તેમાં સલ્ફેટ, ફોસ્ફેટ અને ક્લોરેટ ઈત્યાદિ ક્ષારો પણ ઉમેરાય છે. પ્રાણાયામના સમ્યક અભ્યાસથી ફેફસાં, મોટું આંતરડું તથા મૂત્રપિંડો અધિક કાર્યક્ષમ બની જતાં હોવાથી તેઓ ઉપદ્રવી દ્રવ્યોને શરીરમાં અધિક સમય ટકવા દેતાં નથી. પરિણામે શરીરમાં સ્ફૂર્તિ અને મનમાં પ્રસન્નતા અનુભવાય છે.

'આસન અને મુદ્રા', બી.આ., પૃ. ૮૧ ❏

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | સ્વ. ડૉ. શ્રી લક્ષ્મેશ જોષીની પુણ્યસ્મૃતિમાં પૂજ્ય શ્રીમોટાના અવતરણદિન ભાદરવા વદ-૪ નિમિત્તે હસ્તે મીનાબહેન લક્ષ્મેશ જોષી | અમદાવાદ | ૫,૦૦૦/- |
| ૨. | સદ્‌ગત પિતા શ્રી કાંતિલાલ તથા સદ્‌ગત માતુશ્રી સવિતાબહેનની પુણ્યસ્મૃતિમાં હસ્તે અરુણકુમાર શાહ | આણંદ | ૫૦૦૦/- |
| ૩. | જગદીશભાઈ મારફતીયા | મુંબઈ | ૫૦૦૦/- |
| ૪. | ગૌરાંગ અનિલભાઈ ત્રિવેદી વડોદરામાં પોતાનું નવું મકાન લીધું તે નિમિત્તે | હિંમતનગર/વડોદરા | ૨૫૦૦/- |
| ૫. | સદ્‌ગત હરિવદનભાઈ મણિલાલ પરીખ (દેહાંત તા.૩-૧૨-૨૦૧૪)ના સ્મરણાર્થે હસ્તે કાશ્મીરાબહેન એચ. પરીખ | અમદાવાદ | ૨૦૦૧/- |
| ૬. | ચંદ્રકાંતભાઈ જી. પંડ્યા | વડોદરા | ૨૦૦૦/- |
| ૭. | સદ્‌ગત માતુશ્રી લીલાબહેન ઈશ્વરભાઈ પટેલના તા.૨૮-૯-૨૦૧૮ના દેહાંત નિમિત્તે હસ્તે શ્રી અરવિંદભાઈ પટેલ | નરોડા | ૧૦૦૧/- |
| ૮. | સદ્‌ગત શ્રી કિશોરભાઈ સી. બારાઈની પુણ્યસ્મૃતિમાં હસ્તે કોકિલાબહેન કિશોરભાઈ બારાઈ | ચેન્નાઈ | ૧૦૦૧/- |
| ૯. | રણજિતલાલ ઈશ્વરલાલ પોસ્ટીવાલા | સુરત | ૧૦૦૧/- |
| ૧૦. | એક સેવક | અમદાવાદ | ૧૦૦૦/- |
| ૧૧. | પ્રતીક થાવર (જન્મદિન તા.૨૪-૯ નિમિત્તે) | વેરાવળ | ૫૦૧/- |
| ૧૨. | રેવાભાઈ ધૂળાભાઈ પ્રજાપતિ | નરોડા | ૫૦૧/- |
| ૧૩. | જયંતીલાલ મણિલાલ મહેતા | નરોડા | ૫૦૦/- |
| ૧૪. | કનૈયાલાલ રણછોડલાલ પટેલ | અમદાવાદ | ૫૦૦/- |
| ૧૫. | દીકરી પૂજાના જન્મદિન નિમિત્તે હસ્તે નીતાબહેન વીરેન્દ્રભાઈ કોઠારી | અમરેલી | ૫૦૦/- |
| ૧૬. | કરિશ્મા ભરતકુમાર ઠાકોર | નરોડા | ૨૫૧/- |
| ૧૭. | જયેશભાઈ એમ. પટેલ | લવાછા | ૧૫૧/- |
| ૧૮. | સદ્‌ગત પિતાશ્રી ઈશ્વરલાલ જે. રાવલની પુણ્યતિથિ નિમિત્તે હસ્તે શ્રી કે. આઈ. રાવલ (ઍડ્વોકેટ) | અમદાવાદ | ૧૦૧/- |
| ૧૯. | રંજનબહેન મનહરભાઈ પટેલ | લવાછા | ૧૦૧/- |
| ૨૦. | હિનાકુમારી રાજેશભાઈ | સુરત | ૧૦૧/- |

**ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ.**

**- સંપાદક**

# (૭) પદ્યપ્રસાદી

**શ્રીમોટા**

(અનુષ્ટુપ)

(૧)

બીજાને કરી મોટાભા ચાલ્યો જીવનમાં સદા,
નાનામાં સાવ નાનો થૈ વર્ત્યો છું ધારી નમ્રતા,
સાચું હોવા છતાં મારું તેને મહત્ત્વ ના દીધું,
લઘુતાગ્રંથિમાં તેથી સપડાયો છતાં ન હું.

(૨)

નામનો મહિમા મોટો જાતે અનુભવી હૃદે,
નામને લલકાર્યું છે કેવું ઉમળકાથી તે !
નામથી ભાવ જામ્યો છે ભાવથી પલટો થતો
-જાતે નિહાળીને ધન્ય થવાયું છે કૃપાથી તો.

(૩)

અમે કદી ન છોડ્યું છે સ્મરવાનું ક્ષણે ક્ષણે,
**'સ્મર્યા વિના જતો કાળ', એને મૃત્યુ ગણેલ છે,**
શ્વાસોચ્છ્વાસની જેમ કોઠે સ્મરણ છે સદા,
સ્મરણ પ્રાણશક્તિ છે અમારી જીવને સદા.

(૪)

ઘંટીનું પડ માયાનું ગળે જે વળગેલ છે,
કેમે કર્યુંય ના છૂટે કોટિ પ્રયત્નયે કરે,
ઉપાય એકલો માત્ર મુક્ત તેથી થવાતણો,
એકલી હરિની ભક્તિ માયાને પ્હોંચી તે વળે.

(૫)

પ્રાણનો પ્રાણ મારો તું, શ્વાસનો શ્વાસ મુજ તું,
જેમાં તેમાં બધાં માંયે મારો આધાર માત્ર તું,
જે તે કર્મ થતાં તે તે તારા વડે થતાં જ છે,
તને સમર્થ જાણીને છેડો તારો ગ્રહેલ છે.

'ભાવહર્ષા' પ્ર.આ. પૃ.૫, ૧૪૬, ૧૬૮, ૧૮૯, ૧૯૪ ❑

(૧)

બેલી ગરીબનો કોઈ મળે સંસારમાં નહીં,
લેનારું ઉપરાણું ના કોઈ ભાળ્યું જગે અહીં,
એના અન્યાયનો કોઈ સામનો કરનાર ના,
તે અનુભવી પ્રત્યક્ષ, લગાડ્યું ચિત્ત પાદમાં.

(૨)

ચૂંથણ ચૂંથતાં લોક કેવા કેવા પ્રકારનાં !
એમાં જ રાચવું એને આઠે પ્હોર ગમે સદા,
એવા સંસારમાં જીવ્યું ફોગટ સૌ પ્રકાર છે,
એમાંથી કેવું ચેતાઈ છે નીકળાયું બ્હાર તે !

(૩)

કાળના કાળનો કાળ સાક્ષાત શ્રીહરિ જ શો !
તેનો હાથ ઝાલ્યાથી વિટમણા કશી ન છે,
વિટમણા છતાં હોવા જેવું વિટમણા કશું
-લાગતું ના, ખૂબી એ તો ભજનના લલકારની.

(૪)

આપણાં દુઃખના કર્તા પોતે શા આપણે છીએ !
છતાં એનો બધો દોષ ઠાલવીએ બીજા પરે,
કર્મનું તે પરિણામ, ભોગવવું પડે સદા
-પોતાનાં આપણાં કર્મો થકી સંસારમાં તદા.

(૫)

જ્યાં ત્યાં નિશાળ સંસારે બોધ લેવાની કેવી છે !
શીખવાનું મળે કેવું જ્યાં ત્યાંથી દિલ હોય જો !
તમારી જેવી જિજ્ઞાસા તેવું તેમ થવાય છે,
જિજ્ઞાસાએ ઘડ્યો કેવો મને કૃપાથી જીવને !

'ભાવજ્યોતિ' પ્ર.આ. પૃ.૫, ૧૦, ૪૩, ૧૦૭, ૧૧૨ ❑

## (૮) કુદરતના રાજ્યમાં માફીપત્રને સ્થાન નથી

**શ્રીમદ્ રામજીબાપા**

તમોને જે સંતપુરુષ મળ્યા છે તે સાચા જ છે અને તેના માટે તમો ભાગ્યશાળી છો. સર્વ દેવને નમસ્કાર હોઈ શકે છે, પણ ઉપાસના તો એકની જ હોવી ઘટે. હવે તમારા સદ્‌ગુરુ વિના મનમાં અન્ય કોઈની સ્ફુરણા રહે તો એ સદ્‌ગુરુ પ્રતિ અશ્રદ્ધા દર્શાવે છે અને તમારી ભક્તિને વ્યભિચારી બનાવે છે.

બીજું તમે ગમે તેટલું વાંચો, સાંભળો, વિચારો, બોલો પણ જ્યાં સુધી મન અસ્થિર છે ત્યાં સુધી બારણે સાંકળ વિનાના નકુચે તાળાં દીધા જેવું છે. **મનને જ્યાં સુધી સતત કામ ન અપાય ત્યાં સુધી એ હરકત જ કરવાનું.** માટે, તે સદ્‌ગુરુ જે સહજ આત્મસ્વરૂપ છે તેના સ્મરણમાં જ્યાં સુધી બને ત્યાં સુધી અખંડ રોકી રાખવું.

હજારો પુસ્તકો વાંચવાં, વિચારવાં કે ખુદ પોતાના સદ્‌ગુરુનાં અનેક વચનો યાદ રાખી પોપટની જેમ બોલી જવા એના કરતાં સહજ આત્મસ્વરૂપ સદ્‌ગુરુમાં મનને લીન કરવાનું કામ હજાર દરજ્જે શ્રેષ્ઠ છે.

આ દેહે કરવા યોગ્ય કાર્ય તો એક જ છે કે કોઈપણ પ્રત્યે રાગ અથવા કિંચિત્ માત્ર દ્વેષ ન રહે એ જ કલ્યાણનો માર્ગ છે. સમસ્ત વિશ્વ ઘણું કરીને પરકથા તથા પરવૃત્તિમાં વહ્યું જાય છે. તેમાં સ્થિરતા ક્યાંથી પ્રાપ્ત થાય ? કડવું વચન ઝેરી શસ્ત્ર કરતાં પણ અધિક ઘા પાડે છે. તે કદી રુઝાતો નથી. કુદરત ગુનેગારને જરૂર સજા કરે છે. **તેના સામ્રાજ્યમાં માફીપત્રને સ્થાન નથી.** વાણી અને કર્મ વડે થતાં પાપો કરતાં મન વડે થતાં પાપ વધારે ભયંકર છે. સત્ય, સદાચાર અને પ્રેમ વડે પરમાત્મા નજીકમાં આવે છે. ભૂલ કરવી સહેલી છે, પણ ભોગવવી મુશ્કેલ છે.

હે ભાઈ ! તમારે તમારાં માવીતરની સેવા કરવી. એમની આજ્ઞા તોડવી નહિ. તમારાં માવીતરાં કાંઈ કહે તો તમોએ રીસ ન કરતાં હસીને બોલવું ને આનંદમાં રહેવું.

વળી વેરીને વહાલેશરી જાણો તો ઘણું સારું. કોઈ વેરી રાખશો નહિ. વેર છોડી દેવું ન બને તો જગત ઉપરથી મારાપણાનો જે રાગ છે તે કાઢી નાખવો. તેના માટે ફૂલ પાથરશો.

હે વહાલા ભાઈ, આપણે આજીવિકા માટે આખી જિંદગી ગાળી, પણ આપણા આત્માના ઉદ્ધાર માટે થોડો ઘણો સમય પણ આપણે ફાળવતાં નથી. આત્માનું કલ્યાણ થાય તેવાં બને તે પુણ્યદાન કરતાં રહેવું. હાથે જે થશે તે સાથે છે. દાન આપવું એ તો ખેતરમાં બીજ વાવવા જેવું છે. પરમાત્માના નામથી જે આપીશું તે નકામું નહિ જાય.

દુઃખો પોતાના અશુદ્ધ ચિંતનથી જ થાય છે. આ શરીરને તરેહ તરેહના રોગ થાય છે. શરીરનું મમત્વ કરવા જેવું નથી. જે શ્વાસ બહાર નીકળે છે તે અંદર આવવાનો એવો કોને વિશ્વાસ છે ? પરના દોષ જોવામાં ન આવે અને પોતાના ગુણનું અવલોકન કરવામાં ન આવે, તો જ આ સંસારમાં રહેવું યોગ્ય છે.

'અમૃતસાગર' બી.આ. પૃ.૧૪ ❑

## (૯) પૂજ્યશ્રી મોટાના ૧૨૧મા અવતરણ દિને નરોડા ખાતે ઉત્સવ (ટૂંક અહેવાલ) સંપાદક

પૂજ્ય શ્રીમોટાના ૧૨૧મા અવતરણ દિન ભાદરવા વદ-૪ નિમિત્તે સ્વજનોનો મિલન સમારંભ, સપ્ટેમ્બર, ૨૦૧૮ના હરિભાવના ટાઇટલ પેજ-૨ ઉપર પ્રકાશિત કરાયેલ આમંત્રણ પત્રિકા અન્વયે યોગાનુયોગ ભાદરવા વદ-૪ના રોજ નરોડા ખાતે યોજાયો હતો. તેનો આ ટૂંક અહેવાલ છે.

પૂજ્ય શ્રીમોટાએ નરોડા ગામને ગોકુળિયા ગામ તરીકે બિરદાવેલ છે. નરોડાનાં અનેક સ્વજનો ઉત્સવના યજમાન બની ચૂક્યા છે. શ્રી ઉમેદભાઈ ધનાભાઈ પટેલ ભગત બીડી પરિવારને અઢી દાયકા અગાઉ એવું સદ્દ્ભાગ્ય મળ્યું હતું. સદ્દ્ગત શ્રી ઉમેદભાઈના પુત્ર-પૌત્રના પરિવારને આ ઉત્સવ ઊજવવાનું અહોભાગ્ય શ્રીહરિકૃપાથી પ્રાપ્ત થયેલું. શ્રી કનુભાઈ ઉમેદભાઈ પટેલ, શ્રીમતી મંજુલાબહેન કનુભાઈ પટેલ, શ્રી દર્શનભાઈ કનુભાઈ પટેલ, શ્રીમતી જાગૃતિબહેન દર્શનભાઈ પટેલ અને શ્રી ધ્રુવલ દર્શનભાઈ પટેલ નિમંત્રક તરીકે હતા.

સુરત, લવાછા, નડિયાદ, બોદાલ, અમરેલી ઉપરાંત નરોડા અને અમદાવાદનાં સ્વજનોએ ઉમંગભેર હાજરી આપી હતી. તા.૨૯-૯ શનિવારે આઠસો જેવાં સ્વજનો અને તા. ૩૦-૯ રવિવારના રોજ લગભગ પંદરસોથી વિશેષ સ્વજનોએ ઉત્સવમાં સહભાગી બની પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

આ ઉત્સવમાં ઉદ્દ્ઘોષક તરીકે શ્રીમતી વર્ષાબહેન હરેશભાઈ ત્રિવેદીએ સેવાઓ આપી હતી. નિત્ય પ્રાર્થના-ભજન-ધૂનમાં પલ્લવીબહેને સ્વજનોની સાથે સાથ આપ્યો હતો. ડૉ. વર્ષાબહેન બી. પટેલ દ્વારા મૌન અને નાદના વિષય ઉપર વક્તવ્ય અપાયું હતું. ઉચ્ચ અભ્યાસ, ડૉક્ટરેટ અને થીયોસોફીકલ સોસાયટીમાં દશકા સુધી સેવાઓ આપ્યાને લીધે તેઓશ્રીની રજૂઆત અસ્ખલિત વાક્પ્રવાહથી અભ્યાસપૂર્ણ હતી.

હરિઃૐ આશ્રમ નડિયાદના પ્રમુખશ્રી શ્રી ગૌતમભાઈએ યજમાનપરિવારને ભાવનાભરી શુભેચ્છાઓ પાઠવી હતી. મૅનેજિંગ ટ્રસ્ટી શ્રી જિતેન્દ્ર અમીને સંસ્થાનો અહેવાલ રજૂ કર્યો હતો. મૌનાર્થી, પ્રકાશન, લોકકલ્યાણની પ્રવૃત્તિ અને આશ્રમના રિપૅરિંગ-રીનોવેશન અંગે તેઓશ્રીએ વિગતો રજૂ કરી હતી.

પૂજ્ય શ્રીમોટાનાં ચરણે ગુરુવંદનામાં સ્વજનોએ ઉમળકાભેર દાન/ભેટનો પ્રવાહ વહેવડાવ્યો હતો. એક અંદાજ મુજબ સાતેક લાખ રૂપિયાની ભેટ થઈ હતી.

આ ઉત્સવથી પ્રોત્સાહિત થઈને સ્વજનોએ આગામી વર્ષોના પૂજ્યશ્રીનાં સ્વજનોના મિલન સમારંભના યજમાન તરીકે નોંધણી કરાવી હતી. જેની યોગ્ય સમયે આશ્રમ દ્વારા જાહેરાત કરાશે. યજમાન પરિવારે સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો. આશ્રમ દ્વારા યજમાન પરિવારને ધન્યવાદ પાઠવ્યા હતા.

-સંપાદક ❑

## (૧૦) નર્મદા પરિક્રમા : અનુભવ અને ચિંતન

**સ્વામી પ્રેમાનંદ સરસ્વતી**

*(ગતાંકથી આગળ)*

...નેમાવરની સામે કિનારે હંડિયા ગામે અમે પહોંચી ગયા. અનંતકાળથી આ જીવનચક્ર આમ જ ફરી રહ્યું છે. બધું જ ગતિમાં વહ્યા કરે છે અને પ્રત્યેક ક્ષણે નવો નજારો લઈ આવે છે. જો સંસારચક્ર હોય તો તેને કેંદ્ર હોય. ધરી એ જ કલ્યાણરૂપ શિવ.

અમે ભાગ્યશાળી તો ખરા જ. એટલે જે મહાપુરુષોનાં દર્શન અર્થે દૂરથી લોકો નેમાવર આવે છે, તે પરમ વંદનીય સત્પુરુષોએ કૃપા કરી હોડીમાં બેસી આ કાંઠે આવતાં અમને દર્શનનો લાભ મળ્યો. જોતજોતામાં ચૈત્ર નવરાત્રિ પૂરી થઈ ગઈ. પ્રવાસીને ઉત્સાહ ક્યાં સુધી ? હંડિયાથી આગળનો રસ્તો ખૂબ જ તકલીફવાળો હોવાથી મિત્રોની સલાહ પ્રમાણે અમે ઉપરના રસ્તેથી ૐકારજી તરફ આગળ વધ્યા. આજુબાજુનાં ગામોમાં જાટ પ્રજાની વસ્તી ઘણી છે. મૂળ એ હરિયાણાના. ડેલીબંધ ઊંચાં મોટાં પાકાં મકાન હોય. પુરુષો અને સ્ત્રીઓ પણ શરીરે ખડતલ અને કદાવર. પશુપાલનમાં એમનાં ઢોર પણ હૃષ્ટપુષ્ટ હોય. ઉનાળો જામતો જાય છે. દસ સાડાદસ સુધીમાં તો ધરતીમાતા ધગી જાય છે.

રસ્તે લાડવા ગામે મારવાડી કુંભારના ઘરે દીકરાનું લગ્ન હતું. બુંદી-ગાંઠિયાની વાસ આવતાં અમને પણ તે ખાવાની વાસના જાગી. મને મનમાં થયું કે આ જીવ કેવો ચંડાળ છે. વરના બાપે અમને ભોજન માટે આમંત્રણ આપ્યું પણ એ ઠીક ન લાગે એવો ડોળ કરી અમે રોકાયા નહિ. એક માઈલ જઈ દાળ-રોટી બનાવી આરોગ્યાં.

શિયાળાનો સૂર્યોદય ઉષ્માભર્યો હોય, ઉનાળાની સંધ્યા ખુશનુમા હોય, ઝરમર ઝરમર મેહુલિયો વરસતો હોય તેવો ચોમાસાનો દિવસ સ્નેહીઓના જેવો હોય.

ચૈત્ર પૂર્ણિમા એટલે હનુમાન જયંતી. આજે તો નર્મદાસ્નાન મળવું જ જોઈએ. એટલે અમે ખૂબ ઉતાવળા ચાલીને પનાસા ઘાટ પહોંચ્યા. સામે જ ધાવડી કુંડ છે, જ્યાંથી પ્રસિદ્ધ શિવલિંગ મળે છે.

આ કાંઠેથી સ્નાન માટે જવું અઘરું છે. અહીં પુનાસા નજીક નર્મદાજી પર બીજો બંધ બંધાઈ રહ્યો છે. સાતમાતાના ઘાટ પર પૂરા કદની પ્રાચીન કલાકૃતિયુક્ત દેવીની સાત મૂર્તિ છે. કોઈ જમાનામાં અહીં શક્તિપીઠ હશે.

ૐકારેશ્વર ભારતનાં પ્રસિદ્ધ બાર જ્યોતિર્લિંગોમાંનું એક છે. દક્ષિણ તટે મમલેશ્વરનું મંદિર છે. માંધાતા પર્વતની ચારે તરફ માતાજીનો પ્રવાહ છે. ૐકારેશ્વર પાસે માર્કંડેય આશ્રમ છે, ત્યાં સંપ્રદાયના ભેદભાવ વગર પ્રત્યેક સંતની અહીં સેવા થાય છે. સાદો અને નાનકડો આશ્રમ છે. આખા નર્મદાતટે કોઈનેય પૂછો કે સાધુઓની સેવા ક્યાં સારી થાય છે, તો બધાં કહેશે કે ૐકારેશ્વરના માર્કંડેય આશ્રમમાં. આ આશ્રમમાં કોઈ પણ સંત ઇચ્છિત સમય સુધી રહી શકે છે. કોઈ ભાઈને ધાર્મિક કાર્યમાં મદદ કરવાની ઇચ્છા હોય તો આ આશ્રમ એવી મદદને પાત્ર છે. સંસ્થામાં ધનનો ખરેખર સદુપયોગ થાય છે.

**(અનુસંધાન પેજ નં. ૨૦ ઉપર)**

# (૧૧) ગોધરાના બાપજી મહારાજ (૪)

મુકુલ કલાર્થી

*(ગતાંકથી આગળ)*

...બાપજીનાં ધર્મપત્ની જમનાબાનો વિચાર કરીએ તો દુનિયાદારીની બીજી સામાન્ય સ્ત્રી જેવાં જ હતાં, પણ બાપજી જેવા સંતની જોડે સરખાવતાં વિરોધાભાસ ઉપર તરી આવતો હતો. સંતનાં ધર્મપત્ની તરીકે જોતાં તેમનું વર્તન સંતને ત્યાં છાજે એવું ન હતું.

જમનાબા સંસારી માણસ હતાં. એમને મન સગાંવહાલાં, સંસારી ઠાઠમાઠ, કીર્તિ, પૈસો એ બધું સર્વસ્વ હતું. બાપજી જેવા સંતનો ઘરમાં જ ચોવીસે કલાકનો સહવાસ છતાં જમનાબા કોરાં ને કોરાં જ રહ્યાં.

બાપજીના અતિ ઉદાર નિર્મળ હૃદયમાં તો સૌ સરખાં જ હતાં. માન આપે કે અપમાન કરે, પૂજે કે અવગણે એ બધું જ એમને મન સરખું હતું. તેમનું મહાસૂત્ર જ હતું કે, 'જોયા કરો, કશાનું નિમિત્ત લેતા જ નહિ. જે થવાનું હોય તેને કોણ મિથ્યા કરી શકે ? તો ફોગટ બીવું શા માટે ?'

બાપજી જમનાબાનાં તીખાં મહેણાં, ટોણાં, રિસામણાં અને છણકા બધું શાંતિથી સહન કરે જતા હતા. એમનું મૌન ભારે. એક પણ દિવસે તેમણે જમનાબાને ઊંચે સાદે કશું કહ્યું નથી. એમને કશી શીખ આપી નથી. એમના તરફ અણગમો દાખવ્યો નથી. સંસારનું બધું ઝેર શિવજીની માફક કંઠમાં રાખ્યું. એટલે જમનાબા પ્રત્યેના ભાવમાં જરાયે કચાશ આવવા ન દીધી. હૈયાની કુમાશ એવી ને એવી જાળવી રાખી.

બાપજીનું કરુણામય હૃદય વિચારતું કે જમનાબા સામાન્ય કુંભાર કુટુંબમાં જન્મ્યાં છે. ઘરમાં સંસ્કાર આપનારા કોઈ નહિ, કશું ભણેલાં પણ નહિ અને સ્વભાવ પણ આપખુદ અને સ્વમાની. એટલે એવાં જમનાબા પાસે શાની આશા રાખી શકાય ? પ્રારબ્ધકર્મ આ રીતે ભોગવી લેવાં. નકામી ચડભડ કરવાથી એમાં ઊલટી વૃદ્ધિ થાય. એટલે જમનાબા ભલે સત્સંગીઓની વચ્ચે બાપજીને અવગણે કે અણછાજતું વર્તન કરે, તોપણ બાપજી મોટું મન રાખી બધું સહી લેતા હતા.

બાપજીએ પતિપણું કદી દાખવ્યું નથી. એમનામાં પણ પ્રગટ આત્મા છે, એમ જાણી બાપજી એમને જરા પણ દુભાવતા નહિ. એમની મરજી પ્રમાણે ચાલવા દેવામાં જ સંતોષ માનેલો. કોઈ નિકટનો સત્સંગી આ બાબતમાં પૂછે તો બાપજી કહેતા, 'કેટલા કાળ કાઢવા છે ? અને શા સારુ ?' એમને ફાવે એમ ભલે કરે.

બાપજી જ્યાં જ્યાં સત્સંગમાં જાય, ત્યાં ત્યાં જમનાબાને સાથે ને સાથે જ રાખતા. તેમની કદી અવગણના કરતા નહિ. તેઓ રાજી રહે એટલે બસ, એમ બાપજી કહેતા. બાપજી સત્સંગીઓને કહેતા, હું તો સદા રાજી છું એમને રાજી કરો.'

બાપજીના ઘરસંસારના કેટલા પ્રસંગોની જાણકારી છે. બાપજી હજી જાહેરમાં આવ્યા ન હતા, તે સમયની વાત છે. બાપજી કુંભારકામ કરતા. આખો દિવસ સખત મહેનત કરતા,

**(અનુસંધાન પેજ નં. ૨૦ ઉપર)**

## (૧૨) આપણને ભગવાનની સભાનતા રહેતી નથી.

**સ્વજન :** મોટા, આ લક્ષ્મીનો ઉપયોગ, જે અનુભવી પુરુષો થઈ ગયા, અમુક વૃત્તિવાળા, એ જેમ કરતાં એવી રીતે અત્યારે પોલિટિશ્યન્સ એમનો પાવર (=સત્તા) જમાવી રાખવા કરે છે. એને....

**શ્રીમોટા :** અનુભવી પુરુષોને એમ નથી થતું કે હવે આ અમારી શક્તિ છે એ ટકાવી રાખવી. જેમ પેલા પોલિટિશ્યન્સ (=રાજકારણીઓ) પોતાની સત્તાને ટકાવી રાખવા માંગે છે એવી રીતે આ અનુભવી પુરુષને કંઈ પડેલી ના હોય ! અનુભવથી એમ કહે છે કે આ સત્તા તો છે જ. આ જે ચેતનની સત્તા એટલે કે અમારી સત્તા. પોતે ચેતનવાળા જ છે. અમારી સત્તા તો છે જ. એ સત્તા આ પ્રકૃતિવાળા માયાવી જીવો સમજતા નથી. જેમ આપણી પૃથ્વીથી ઉપર જેમ જેમ ઊંચા જઈએ છીએ તેમ તેમ બધું જુદું જુદું છે એ હકીકત જ છે તે સાચી વાત છે, પણ સામાન્ય જીવો બધું સમજતા નથી. એની અંદર ઘણો મોટો ભાગ ૯૦% ભાગ નહિ સમજતો હોય કે ઉપર બધું આવું આવું છે. એવી રીતે પેલા લોકો કહે છે કે સત્તા તો છે જ અમારી. પણ આ જીવો નથી સમજતા તે તેમનું અજ્ઞાન છે. એટલે છે જ એ એમને પોતાને ખાતરી છે- ૧૦૦% ની. પછી એ શા માટે કરે ?

પેલો પોલિટિશ્યન છે એ પોતાની શક્તિ પ્રાપ્ત કરીને એ શક્તિ વડે પોતાનો પ્રભાવ જળવાઈ રહે એવા પ્રયત્ન કરે છે, કારણ કે એમને ખબર નથી અથવા તો એ જાણતો નથી. 'અમારી સત્તા છે એમ તો એમને ખાતરી છે જ નહિ. એ જતીય રહેશે. માટે જેટલો કાળ ટકાવી રખાય તેટલો વધારે કાળ ટકાવી રાખો. આ દૃષ્ટિએ પોતાની શક્તિનો પ્રભાવ જન્માવવા માટે લક્ષ્મીનો ઉપયોગ કરે છે. તોય સત્તા સનાતન તો રહી શકતી નથી. જ્યારે પેલા અનુભવીને તો પોતાની સત્તા તો છે, છે ને છે જ ! એવી એને ૧૦૦ ટકાની ખાતરી છે. એટલે એને કોઈ પ્રયત્ન કરવો પડતો નથી. પ્રયત્ન ક્યારે કરવો પડે ? જ્યારે જીવદશામાં તો હતા ત્યારે એ કરીને એ સ્થિતિ પ્રાપ્ત કરે છે. પ્રાપ્ત કર્યા પછી એ તો જાણે કે પોતે સર્વત્ર પ્રસરેલો છે.

જેમ વા-હવા સર્વત્ર પ્રસરેલી છે. એ હવા મેળવવા માટે આપણે કંઈ પ્રયત્ન કરવો પડતો નથી. એ જો ના હોય તો પળવાર પણ આપણે જીવી ના શકીએ એ એટલી બધી મહત્ત્વશાળી ચીજ છે. કરોડોગણો પુરુષાર્થ કરો તોપણ તે મેળવી ના શકો. તેમ છતાં એવી ચીજ તમને મળેલી છે. જેનું મૂલ્યાંકન જીવથી થતું નથી. આકાશ, અગ્નિ, તેજ, વા એ બધાં છે કે જે જીવવા માટે એસેન્શ્યલ (=અનિવાર્ય) છે. એટલી બધી એસેન્શ્યલ છે કે લક્ષ્મી કરતાં પણ વિશેષ, અનાજ કરતાં પણ વિશેષ. અનાજ વિના ચાર-પાંચ-દસ દિવસ કાઢી નંખાય- પાણી વિના થોડો ગાળો કાઢી નંખાય, પણ હવા વગર નહિ જીવી શકો. તેજ વિના નહિ જીવી શકો. એવી વસ્તુઓ આપણને સહજ રીતે મળી હોવાથી એનું મૂલ્યાંકન-એનું મહત્ત્વ - આપણે આંકી શકતાં નથી. તેવી રીતે આ ચેતન છે. એના કરતાં પણ સહજ છે. સર્વત્ર છે, આપણા અણુએ અણુમાં પ્રગટી ગયેલું છે.

પણ જેમ તેજ, વા, જળ, રસ એ બધાનું અસ્તિત્વ હોવા છતાં અને આપણે જેના વડે કરીને જીવી શકીએ, એ ના હોય તો જીવી ના શકીએ એ પણ આપણી બુદ્ધિ સ્વીકારે છે. તેમ છતાં તેના મહત્ત્વની સભાનતા, આપણામાં નથી. એ જેમ હકીકત છે તેવી રીતે ભગવાનનું છે. આવો ભગવાન છે અને આપણને એની સભાનતા-અવૅરનેસ કેમ નથી રહેતી ? અરે, વા જેવાની - હવા જેવીની નથી રહેતી- તેજ જેવાની નથી રહેતી- તો ભગવાનની કેવી રીતે રહે ? આ તો તમારા રોજબરોજમાં પળેપળ ઉપયોગમાં આવે છે, જેના વગર તમે જીવી ના શકો. આટલી બધી જે મહત્ત્વની વસ્તુ છે તેની પણ તમને અવૅરનેસ નથી તો ભગવાનની તો હોય જ ક્યાંથી ?'

મને દમ ચઢે ત્યારે શ્વાસની રીબામણ થાય- ગભરામણ થાય ત્યારે પેલા વાની-હવાની- કિંમત સમજાય. ત્યારે અછતપણાની કિંમત સમજાય છે. છતમાં નહિ સમજાય. અછતમાં સમજાશે. મેં એક બહેનને લખ્યું છે-એમના હસબન્ડ (=પતિ) ગુજરી ગયા ત્યારે કે **દુઃખ આશીર્વાદ ગણજે. કેમ કે વિકાસની શક્યતા દુઃખમાં છે. સ્ટ્રગલમાં છે. સંગ્રામમાં છે-સુખમાં નથી.** આ વાતનો ખ્યાલ જ નહિ આવે. બહુ ઓછા લોકો સમજે છે કે દુઃખમાં મુશ્કેલીઓમાં, આપત્તિઓમાં, ગૂંચોમાં, સંઘર્ષણોમાં જેટલો માણસ જાગૃત રહે તેટલો તેનો વિકાસ થાય. પણ જાગૃતિ પર આધાર છે. દુઃખમાં માણસ જડ રીતે દબાઈ જાય તો નકામું. દુઃખ કોઈપણ માણસને જગાડવા માટે છે. એમાં જાગીને પુરુષાર્થ કરે છે- ઉપર આવવાનો - એનો વેગ કંઈ ઓર હોય છે. મેં 'દુઃખ' પર ૧૯૪૨માં લખેલું.

'જન્મ પુનર્જન્મ', પ્ર.આ. પૃ. ૭૩ ❑

**(અનુસંધાન પેજ નં. ૧૭ નું ચાલુ)**

આ રેતી પર દિવસભરમાં કેટકેટલાં ચિહ્નો અંકિત થાય છે. રાત્રિના પવનમાં બધાંય ચિહ્નો ભૂંસાઈ જઈ સવારે રેતી સાવ ચિહ્નોરહિત હોય છે. ચિત્તમાં વૃત્તિ સ્ફુરતાં અંતઃકરણમાં સંસાર અંકિત થાય છે. ઇંદ્રિયોના વિષયોને મનની કલ્પના, સંસ્કાર પ્રમાણે સંસાર ખડો કરી દે છે. પ્રલયકાળનો વાયુ ફૂંકાતાં બધું જ ભૂંસાઈ જાય છે. વળી પ્રભુ 'એકોઽહમ્ બહુ સ્યામ્'ની ઘોષણા કરે છે ને સંસ્કારો પ્રમાણે પાછું જગત રચાય છે. અનંતકાળથી આ ચક્ર અવિરત ચાલ્યા જ કરે છે (ક્રમશઃ)

'શ્રીનર્મદામૈયાની પરિક્રમા', બી.આ., પૃ. ૧૮૫ ❑

**(અનુસંધાન પેજ નં. ૧૮ નું ચાલુ)**

ત્યારે માંડ માંડ રોટલા જેટલું કમાતા. ઘરમાં જમનાબાની કટકટ ચાલતી જ હોય, છતાં કોઈ કોઈ વખત બાપજી રસોઈકામમાં એમને મદદ કરવા લાગતા. કૂવેથી પાણી ભરી લાવી જમનાબાને બાપજી મેડા ઉપર આપી આવતા. કોઈ વાર બાપજી વાસણ માંજવામાં પણ મદદ કરતા.

બાપજીને આમ તો એકવીસમા વર્ષની ઉંમરે સંતમહારાજે શક્તિ પ્રદાન કરી આધ્યાત્મિક સાધનામાં શક્તિપ્રદાન કર્યું હતું, પરંતુ બહારથી નમ્રભાવે સામાન્ય સંસારીની જેમ રહી અંદરથી ભગવદ્ભાવમાં જ મગ્ન રહેતા હતા.

આમ તો જમનાબા બાપજીને કુંભારકામમાં મદદ કરતાં ખરાં. સવારે માટી પલાળતાં, ગધેડાને ચારો નીરતાં, પણ દિવસમાં કોઈ કોઈ વાર તેમનો મિજાજ છટકી જતો અને કર્યા કારવ્યાં ઉપર તેઓ પાણી ફેરવી દેતાં !

'ગોધરાના બાપજી મહારાજનું જીવન ચરિત્ર', બી.આ. પૃ. ૨૨ ❑

## (૧૩) નિશ્ચય અને ગુરુસેવા અંગે

**સનતભાઈ પાટડિયા**

ઑગસ્ટ માસના 'હરિભાવ'માં સંપાદકીય લેખ 'બાયોગ્રાફી ભવિષ્યમાં થાય તો...' શ્રીમોટા વાંચ્યો. આપની હૃદયસ્પર્શી અપીલના અનુસંધાનમાં મારો ધર્મ સમજી મારી અનુભૂતિનું વર્ણન નીચે મુજબ કરું છું.

મેં પૂ.મોટાને ક્યારેય જોયા નથી. ૧૯૭૬માં તેમના દેહત્યાગ પછી ઘણાં જ વર્ષે મારા મિત્રએ મને તેમનું દળદાર પુસ્તક **'જીવન અને કાર્ય'** વાંચવા આપ્યું. પૂ. મોટાના શબ્દદેહ સાથે આ મારો પહેલો જ સંપર્ક-સત્સંગ. ત્યાર બાદ ઘણા સમય પછી 'હરિભાવ' દ્વારા તે સંપર્ક-સંત્સગ ફરી થયો અને અતૂટ રહ્યો છે, જે પૂ. મોટાની અહેતુકી કૃપા સમજું છું. 'જીવન અને કાર્ય' પુસ્તકમાં પૂ. મોટાએ એક જગ્યાએ લખ્યું છે, 'સાધકને નિશ્ચય હોવો જોઈએ.' તે સમયે આ વાક્યનો અર્થ મને સમજાયો નહિ, પરંતુ વાક્ય હૃદયના ઊંડાણ સુધી પહોંચી ગયું અને મને એ જ વિચાર આવે રાખે. બહુ ચિંતન કર્યું તોપણ ન સમજાયું. ત્યાર બાદ લગભગ બીજે દિવસે રાતે એ જ વિચારમાં હું સૂઈ ગયો. બ્રાહ્મમુહૂર્તમાં શ્રીરણછોડદાસજી મહારાજે (મહાસમાધિ ૧૯૭૦) દર્શન આપ્યું. હકારમાં મસ્તક હલાવતાં મને કહ્યું, 'નિશ્ચય તો હોવો જોઈએ.' આટલું કહી અદૃશ્ય થઈ ગયા. હું જાગી ગયો. મેં કહ્યું, 'બાપુ મારે શેનો નિશ્ચય કરવાનો છે ? મને નથી સમજાતું. કૃપા કરી બતાવો.' કોઈ જવાબ નહિ. સમય સરતો ગયો. પ્રાર્થના સતત ચાલુ રહી. નિશ્ચયની વાત હૃદયમાં ઊંડી ને ઊંડી ઊતરતી રહી. રહસ્ય અકબંધ રહ્યું. દહીંએ ખૂબ વલોવાતું રહ્યું. નિશ્ચયનો વિચાર દૃઢ થઈ ગયો. થોડાં વર્ષો પછી ભગવાને કૃપા કરી. સ્વામીનારાયણનાં 'વચનામૃત' સંગ્રહનું પુસ્તક મારા નાના ભાઈએ મને આપ્યું. તે વાંચતાં વાંચતાં નિશ્ચયના રહસ્યનું ઉદ્‌ઘાટન થયું. કિનારો હાથ લાગ્યો. ભગવાન સ્વામીનારાયણે કહ્યું છે. 'ભગવાનને પ્રાપ્ત કરવા માટે ભક્તે દૃઢ નિશ્ચય કરવો જોઈએ.' મારા હૃદયમાં પ્રકાશ થઈ ગયો. આનંદ વ્યાપી ગયો. તે જ ક્ષણે દૃઢ નિશ્ચય થઈ ગયો. આ દુર્લભ દૃઢ નિશ્ચય પૂ. મોટાની અહેતુકી કૃપાને કારણે જ હું કરી શક્યો છું. તેમનો હું સદાનો ઋણી છું અને ખૂબ ખૂબ આભાર માનું છું. તેમનાં ચરણોમાં શત્ શત્ વંદન. (આ મારી ગુપ્ત અનુભૂતિ પહેલી જ વખત પ્રગટ કરું છું. કોઈને કહી પણ નથી.) બાયોગ્રાફી વિશે નીચે મુજબ મારા વિચારો રજૂ કરવા આપની અનુમતી લઉં છું.

શ્રી સંતરામ મંદિર, નડિયાદના મહંત શ્રી નારાયણદાસજી મહારાજે ૧૯૯૯માં (આત્મજ્ઞાનનું પુસ્તક) 'મૃત્યુ પછીની દુનિયા' (લેખક શ્રી આત્મારામ બી. પટેલ) પ્રકાશિત કર્યું હતું. તેમાં શ્રી સંતરામ મંદિર, નડિયાદના શ્રી જયંતીભાઈ ગો. જોષીના લેખ 'આધ્યાત્મિક સંપદાવાળા તત્પુરુષ' નીચે, નીચે મુજબ શ્રીમદ્ ભગવદ્‌ગીતાની વાણી છપાઈ છે : 'મનુષ્યને ઈશ્વરાભિમુખ કરે તેવાં આત્મકલ્યાણનાં પુસ્તકો બીજાઓને વહેંચી-વંચાવી પ્રભુ તરફ વાળે છે,

તે પ્રભુને પ્રિય કાર્ય કરવાવાળો છે. એથી એ મનુષ્ય પ્રભુને અત્યંત પ્રિય છે.'

જો પૂ. મોટાનાં સ્વજનો પોતાના (પૂ. મોટા સાથેના) અનુભવો આપને લખી મોકલાવે તો તે વાંચીને ઘણાંને ભાવ જાગશે. સાધનામાં બળ મળશે, આગળ ગતિ થશે અને કેટલાંક નવા જીવાત્માઓ ઈશ્વર તરફ અભિમુખ થશે એ નિશ્ચય રૂપથી સત્ય છે અને આ બધાં સ્વજનો ભગવાનના પ્રિયતર બનશે. આ હેતુથી જ પૂ. મોટા ટેપમાં બોલ્યા છે, એવું મારું સ્પષ્ટ માનવું છે. પૂ. મોટાની ટેપવાણી હૃદયસ્પર્શી છે, કરુણાસભર છે. બાયોગ્રાફી શીઘ્ર છપાય તે માટે તેમની વાણીમાં અત્યંત આતુરતા વર્તાય છે.

આ વિષયમાં (ગણેશપુરીના) સ્વામી મુક્તાનંદ કહે છે :

યદિ ચાહો તો અપને અનુભવ દૂસરોં કે સાથ બાંટો ઔર ઉનકા ભી ઉત્સાહ બઢાવો કિ વે ભી ધ્યાન કા અભ્યાસ કરેં ઔર અપને અંદર કી શક્તિ કો જાગૃત કરેં.

- આશ્રમપત્રિકા, મે, ૧૯૮૩

પૂ. મોટાએ પોતાની ઈચ્છા વ્યક્ત કરી છે કે બાયોગ્રાફી છપાય. ગુરુની ઈચ્છા ગુરુ આદેશ છે. તે પરિપૂર્ણ કરવી તે શિષ્યનું કર્તવ્ય ધર્મ છે. બાયોગ્રાફી છપાવવામાં સહયોગી થવું તે ગુરુસેવા છે. ગુરુસેવાના મહત્ત્વ વિશે સ્વામી મુક્તાનંદ કહે છે :

સેવા કા અર્થ હૈ અપને ગુરુ કે વિચાર કે સાથ, અપને ગુરુ કી સમઝ કે સાથ, અપને ગુરુ કે કાર્ય કે સાથ એકરૂપ હો જાના. ગુરુ કે સાથ ઈસ પ્રકાર એકરૂપ હોકર ઉનકે સાથ રહતે હુએ તુમ જો કુછ ભી કરતે હો, વહ ગુરુસેવા હૈ. ગુરુસેવા શિષ્ય કો પૂર્ણ નિર્મલ કરકે બ્રહ્મજ્ઞાન કા અધિકારી બનાતી હૈ. ગુરુસેવા મેં પૂર્ણરૂપ સે લીન હુએ શિષ્ય કી સાધના સહજ અપને આપ પૂરી હો જાતી હૈ.

-આશ્રમપત્રિકા, જાન્યુઆરી, ૧૯૭૮

ગુરુસેવા ધ્યાન સે ભી બઢકર, યોગ સે ભી બઢકર યજ્ઞયાગ, જપ, તપસ્યા, તીર્થ ઈત્યાદિ સબ સે બઢકર હૈ. અધિક ક્યા કહૂઁ ? ગુરુસેવી રામ સે બઢકર, કૃષ્ણ સે બઢકર હૈ.

-આશ્રમપત્રિકા, માર્ચ, ૧૯૭૯

સ્વામી વિષ્ણુતીર્થજી મહારાજ સમજાવે છે :

સેવા કાર્ય કેવલ રહને ખાને કી વ્યવસ્થા તક હી સિમિત નહીં હૈ. લોગોં કે આધ્યાત્મિક ઉત્થાન મેં સહયોગી બનના ભી સેવા કે અંતર્ગત હૈ.

હૃદયમંથન ભાગ-૨, સ્વામી શિવોમ્ તીર્થજી

સ્વાનુભૂતિને વહેંચવાનો મહિમા સંતોએ આ રીતે ગાયો છે. આથી વિશેષ શું લખવું ?

અનુભૂતિ સિવાયનું લખાણ શુભ હેતુથી લખ્યું છે. પૂ. મોટા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા લખ્યું છે.

❑

**(અનુષ્ટુપ)**

**આપને સુજ્ઞ જાણીને**
**ભીખની ઝોળી હું ધરું,**
**નાખજો ટુકડા ખાવા**
**જેથી હું જીવતો રહું.**
**આપ તો ક્યાં અને હું ક્યાં**
**એનું ભાન મને પૂરું,**
**છતાં હૈયાતણો પ્રેમ**
**બકાવે ત્યાં હું શું કરું ?**

**'કર્મગાથા', બી.આ., પૃ. ૨૧૬ શ્રીમોટા**

# (૧૪) ઈશ્વર ઉપાસનામાં ભક્તિ તત્ત્વ

**કપિલભાઈ ઓઝા**

ભારતીય શાસ્ત્રોમાં ઈશ્વરને પામવા માટે વિવિધ પ્રકારો માનેલા છે, જેમાં તપ, યોગ તથા ભક્તિને મુખ્ય ગણેલા છે. દેહદમન એ તપનો એક મુખ્ય ભાગ ગણાયો છે, તો યોગમાં શરીર તથા મનના નિગ્રહ (નિરોધ)ને માન્ય ગણ્યા છે. આ બન્ને માર્ગો થોડા ઘણા અંશે કષ્ટ પ્રધાન, કષ્ટ સાધ્ય મનાયા છે. કેવળ ભક્તિમાર્ગે ઈશ્વર પ્રાપ્તિ વધુ સલામત તથા સહજ સાધ્ય ઉપાસના છે. ભગવદ્‌ગીતા અધ્યાય ૧૨નો પાંચમો શ્લોક આ વાતની પૂર્તિ કરે છે. કહે છે : અવ્યક્ત (નિરાકાર રૂપમાં) આસક્ત ચિત્તવાળાને કષ્ટ ઘણો વધારે પડે છે, કેમ કે દેહધારીઓ માટે નિરાકાર ઉપાસના દુઃખ અર્થાત્ કષ્ટોથી સિદ્ધ થાય છે.

ભક્તિ વેવલી નથી કે અજ્ઞાનીના લવારા કે વ્યર્થ ગાંડપણ-ઉન્માદ પણ નથી. તેથી, જ્ઞાનીની તેજસ્વી ભક્તિને શ્રેષ્ઠ ગણી છે. જ્ઞાની એટલે જે છ શત્રુઓથી સાવધાન છે તેવો મનુષ્ય. ભ.ગીતા. અ. ૭/૧૯માં કહ્યું છે આવા જ્ઞાનીને જ્ઞાન થાય છે કે આ બધું ઈશ્વરમય જ છે અને આવા ચાર પ્રકારના ભક્તોમાં કેવળ જ્ઞાની ભક્ત જ પ્રભુને વધુ પ્રિય છે. (ભ.ગી. અ ૭૧૧૭)

ભક્ત નિરહંકારી હોય છે, આનંદી હોય છે. તે દરેક કાર્યને ઈશ્વર ઉપાસના જ સમજે છે. તેને માટે પૂજા તે વિષયોપભોગ રચના, નિદ્રા, સમાધિ એ સ્થિતિ બની રહે છે. આમ, ભક્ત કર્મ કરવા છતાં સદા તેનાથી મુક્ત રહે છે.

તપસ્વીને તપના સંઘર્ષનું અભિમાન તથા એક વિશિષ્ટ પ્રકારની ઉગ્રતા હોય છે, તો યોગીને તેના સંયમનો અહંકાર હોય છે. કેવળ જ્ઞાની ભક્તમાં આવા અહંકાર, ઉગ્રતા કે અભિમાન હોતાં નથી. આથી, ભક્તને હરિદર્શન સહજ સાધ્યમાં હોય છે. ભ.ગી. ૧૧।૪૮માં તેથી જ કહ્યું છે કે પરમાત્માનું દર્શન કેવળ વેદથી, યજ્ઞથી, અધ્યયનથી, ધનથી, કર્મથી કે તપથી શક્ય નથી. તેવું દર્શન તો કેવળ અનન્ય ભક્તિથી જ શક્ય બને છે. ભ.ગી. ૧૧।૫ તથા ૧૧।૫૫માં વિસ્તારથી આ દર્શાવ્યું છે. ટૂંકમાં જેને સર્વમાં હરિ દર્શન છે તેને હરિદર્શન સહજ છે.

ભક્તિમાર્ગ કેટલો તો સરળ છે. ભ.ગી. અ.૧૨માં તેનું સુંદર, ક્રમબદ્ધ વર્ણન છે. સામાન્યમાં સામાન્ય માણસ પણ તેનું સહજપણે આચરણ કરી કૃતકૃત્ય થાય છે. અહીં જ્ઞાનભક્તને માટે ઘણા જ પસંદગીના રસ્તા બતાવ્યા છે. સૌપ્રથમ (અ. ૧૨।૮) ચિત્તની સ્થિરતા દર્શાવી છે. પાતંજલ યોગસૂત્રમાં ચિત્તવૃત્તિનો અવરોધ એમ કહ્યું છે. આમ ન થાય તો (અ. ૧૨।૯) મુજબ પ્રભુને માટે, પ્રભુને અર્પણ કરીને જીવવાનું કહ્યું છે. આ પણ ન કરવું હોય તો (અ. ૧૨।૧૦) મુજબ ફળ ત્યાગની વાત કરી છે. આ પણ શક્ય ન હોય તો (અ.૧૨।૧૧ મુજબ) કર્મ ફળત્યાગનો બોધ આપ્યો છે. કારણ ફળ ત્યાગથી છેવટે તો શાંતિ અને પ્રસન્નતા મળે છે. જીવનની બધી ઘડભાંજ ફળની એષણા અને તેની પ્રાપ્તિ માટે જ થતી રહે છે. વળી, તે ફળત્યાગીની દશા કેવી હોવી જોઈએ તે અ.૧૨/૧૩-૧૪માં બતાવ્યું છે.

ભાગવત પુરાણમાં આવી ભક્તિને દૃઢ કરવા જ્ઞાન અને વૈરાગ્યને આવશ્યક અંગો માન્યા છે. જ્ઞાન તથા વૈરાગ્ય જ્યારે પાંગળાં બને ત્યારે ભક્તિ સત્યહીન અને તેજહીન બની જાય છે.

આમ ભક્તિ એ કોઈ મજબૂરી કે દુર્બળતાનું પરિણામ નથી. તે તો વીરત્વનું દર્શન છે.

ભાગવત માહાત્મ્ય (૧।૬૭)માં કહ્યું છે કે જે ફળ તપ, ત્યાગ, યોગ કે સમાધિથી નથી મળતું તે કેવળ ભક્તિથી જ મળે છે. વળી (૧।૨૧)માં તો કેવળ ભક્તિથી જ મુક્તિ મળે છે, ભક્તિ મુક્તિ આપનાર છે.

ભક્તિ માર્ગની માર્ગદર્શિકા એટલે નારદ ભક્તિ સૂત્રો (બહુ જ ટૂંકી (પૉકેટ બુક) પુસ્તિકાનું પ્રકાશન ભિક્ષુ અખંડ આનંદ ટ્રસ્ટ, ભદ્ર, અમદાવાદ તથા પ્રિન્સેટ સ્ટ્રીટ મુંબઈ-૧થી કરવામાં આવ્યું છે.) આ પુસ્તિકામાં ભક્તિનાં લક્ષણો વિસ્તારથી સૂત્રાત્મક રીતે વર્ણવ્યાં છે.

સૌ પ્રથમ સૂત્ર છે આ ભક્તિ ભગવાનમાં પ્રેમ પ્રકટાવે છે. તે પ્રેમસ્વરૂપ છે. બીજું સૂત્ર છે : ભક્તિ અમૃત એટલે કે દુઃખરહિત જેમાં દુઃખ નથી તેવી ક્રિયા તે ભક્તિ.

આને વૈષ્ણવો પ્રેમલક્ષણા ભક્તિ કહે છે. આવી ભક્તિ મધુર ઉપાસના છે. અહીં બદલાની ભાવના નથી. આવો ભક્ત ક્રોધ-લોભથી સહજભાવે મુક્ત થઈ જાય છે. વળી, નારદ ભક્તિસૂત્ર આગળ કહે છે. આવો ભક્ત દુઃખમુક્ત અને તૃપ્ત થાય છે. ઉપરાંત, તેને ઇચ્છા તથા દ્વેષ રહેતાં નથી. આવો ભક્ત મસ્ત બને છે. વળી, કહે છે પ્રેમલક્ષણા ભક્તિમાં અનુકૂળ થઈને વેદ આજ્ઞા મુજબ સંસારનાં કાર્યો કરે છે તથા શરીરથી કરવાનાં બધાં જ કાર્યો કરવાં જોઈએ અર્થાત્ પ્રાપ્ત કર્મો છોડી આળસ કરવી નહિ.

ભક્તિસૂત્ર આગળ કહે છે આવી ભક્તિ કર્મ, જ્ઞાન તથા યોગ કરતાં પણ ચઢિયાતી છે. વળી, એમ પણ કહે છે કે જ્ઞાન વિના ભક્તિ વ્યર્થ છે અને તે એકબીજાના પૂરક છે.

ભક્તિના દૃઢ થવા વિશે કહે છે : વિષયોના ત્યાગથી જ ભક્તિ દૃઢ, સ્થિર થાય છે. દુર્જનના ત્યાગથી પણ ભક્તિ દૃઢ થાય છે. વળી, કહે છે ભક્તે વાદ-વિવાદમાં ન ઊતરવું.

નવ પ્રકારની ભક્તિને સુગમ ગણાવી છે. તે શ્રવણં, કીર્તનં, વિષ્ણો સ્મરણમ્, પાદસેવનમ્, અર્ચનં, વંદનમ્, દાસ્ય, સખ્યમાત્મ નિવેદનમ્. વળી, નરસિંહ મહેતા કહે છે ‘ભૂતળ ભક્તિ પદારથ મોટું બ્રહ્મલોકમાં નાહિ રે, પુણ્ય કરી અમરાપુરી પામ્યા, અંતે ચોરાશી માંહી રે...’

આવો છે ભક્તિનો મહિમા. સરળ, સુગમ તેને આચરી બ્રહ્માનંદનું આસ્વાદન કરીએ.

❑

## ભેટ પુસ્તિકા માટેની રકમ

**નામસ્મરણ અને સ્વજનોને સંબોધન : શ્રીમોટા**

**ભેટ પુસ્તિકાના પ્રકાશન અને પોસ્ટિંગનો કુલ ખર્ચ ૧,૬૪,૦૦૦ જેવો થયો છે. આ પ્રકાશનને માટે દાન/ભેટ/સહયોગ આપનાર ખેડા જિલ્લાના પલાણા ગામના હાલ અમેરિકા સ્થિત પરિવાર શ્રી રમેશભાઈ પી. પટેલ અને શ્રીમતી નીતાબહેન તથા તેઓશ્રીના પુત્ર શ્રી આશિષભાઈ અને પુત્રવધૂ શ્રીમતી મોનાબહેન તરફથી પ્રારંભે રૂ. ૬૫,૦૦૦/- રકમ મળી હતી. બાકીની રકમ રૂ. ૧ લાખ પૂરાનો સહયોગ પૂજ્ય શ્રીમોટાના અવતરણ દિન ભાદરવા વદ ચોથના રોજ ટ્રસ્ટને મળી ગયેલ છે. જે માટે આ પરિવાર પ્રત્યે પુનઃ સદ્‌ભાવપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ.**

**-સંપાદક**

# (૧૫) અનુષ્ઠાનનું મહત્ત્વ

**સંતપુરુષની સાથે આપણા જીવનનું અંગતપણું કેળવવાની શરૂઆત કરવી એનું નામ જ અનુષ્ઠાન છે.** જેમ જેમ એ આત્મીય ભાવ વધતો જાય છે તેમ તેમ સાધકનો વિકાસ ઝડપી થતો જાય છે. સંતના જીવન સાથે અનુષ્ઠાન થયા વિના આવો લાભ મળી શકતો નથી.

એ અનુષ્ઠાન દ્વારા પેલો સંતપુરુષ આપણામાં પ્રવેશે છે ને આપણાં પ્રકૃતિ-સ્વભાવ, આપણા જીવનનાં નીચલાં થરોનાં વહેણો, આપણું પ્રારબ્ધ તથા આપણે શેમાં શેમાં ભરાઈ પડેલાં હોઈએ છીએ એ બધાંનો ખ્યાલ કરવાની તક તેને મળે છે.

સંતના પોતાના જીવનના અને સાધકના જીવનના ગૂઢ પ્રારબ્ધ કર્મસંજોગે જો કોઈ સાધક સંત પ્રત્યે આકર્ષાઈને જોડાવા માગે છે તો પછી સંત તેની યોગ્યાયોગ્યતા વિશે કશું જોતો નથી.

સાધકનો જીવનવિકાસ કરવાનું કોઈ કાર્ય પણ તે પોતે જ પોતાના માટે કરતો હોય છે, કેમ કે એને મન સાધકમાં પોતાની જાત જ સંકળાયેલી જણાયેલી હોય છે. પોતાની સાથેનું સંતનું વર્તન સાધક સમજી શકતો હોતો નથી એટલે અન્યથા વિચારે તો તેમાં તે પોતાને નુકસાન કરે છે.

આપણે સ્વાર્થની કે અન્ય કોઈ ગણતરીથી પણ જો એક સંતપુરુષ સાથે આપણી સંમતિથી અનુષ્ઠાન થયું તો સંતપુરુષ આપણને કદી છોડશે નહિ. ક્યારેક સાધકના કારણે સંતને ભોગવવાનું થાય તો સાધક સાથેનું પોતાનું કર્મપ્રારબ્ધ ગણીને સ્વીકારી લે છે. સંતપુરુષ સાથે એકવાર સાધકનું જીવન સંકળાયું તો તે પછી તેના પ્રતિ જેટલે અંશે સાનુકૂળ અને શરણભાવવાળો રહેશે તેટલે અંશે તેનો સાત્ત્વિક વિકાસ ઝપાટાભેર થશે.

**સંતસમાગમ કદી એળે જતો નથી.** જેમ જીવનના બીજા સંસારવહેવાર સંસ્કારો ચિત્તમાં પડ્યા જ કરે છે, તેમ સંતપુરુષ સાથેના સંસ્કારો પણ તેના ચિત્તમાં જરૂર પડવાના. જેમ ભગવાનનો ભાવ સચરાચરમાં સર્વત્ર પડી રહેલો હોય છે તેમ સંતસમાગમના સંસ્કારો ચિત્તમાં પડી રહે છે. ચિત્તમાં પડી રહેલા આવા સંસ્કારોનો ઉદય બીજા જન્મમાં થવાનો. આમ, સંતપુરુષના સમાગમની અસર કોઈ ને કોઈ રીતે લાભદાયી થવાની જ.

એવો જીવાત્મા પણ કોઈ સાચા સંતના સમાગમમાં આવ્યો હોય તો તે પણ તેના યોગાનુયોગ કર્મનું જ પરિણામ છે. આમ, પૂર્વના સાનુકૂળ સંસ્કારોને પરિણામે એને સંતના સમાગમનું ફળ મળ્યું તો હવેનો સમાગમ એને વિશેષ ફળદાયી જરૂર થાય. સંસારી માનવીના ચિત્તમાં આમ પરસ્પર બે જાતના વિરોધી સંસ્કારો પડવાના, પણ સંતપુરુષ સાથેના સંપર્કના જે સંસ્કારો પડશે તે સંસારી સંસ્કારો કરતાં બળવત્તર હોવાના. આ કંઈ કલ્પના સૃષ્ટિમાંથી ઉપજાવેલી અવાસ્તવિક કથા નથી. એ તો સત્ય ઘટના છે.

સંસારી સંસ્કારો રાગદ્વેષયુક્ત કામક્રોધાદિથી ભરેલા હોય છે. એટલે એમાં આસક્તિ હોય છે, પણ સંતપુરુષ આશક્તિ રહિત હોવાથી એનાથી પડતા સંસ્કારો આસક્તિ વગરના જ હોય છે. સંતનું જીવન એટલું તો મહાન, પ્રખર, તેજસ્વિતા અને ઓજસથી ભરેલું હોય છે કે સંસારી માનવીનું મન તેના પ્રતિ આકર્ષણ થતાં પેલો સંત તેની સંસાર તરફની આસક્તિનું જોર પણ ખેંચી લેશે અને સમય આવતાં પોતાના સંસ્કારોનો ઉદય તેનામાં કરાવશે.

આમ, અનુષ્ઠાનની ગાથા એ કેવળ અનુભવનો વિષય છે.

'જીવન સંદેશ', પ્ર.આ. પૃ. ૮૮ ❑

## (૧૬) 'જીવન' સાથે આવશે, ધન નહિ

**સ્વામી સદાશિવ**

કલ્યાણકારી બુદ્ધિથી જીવન બને છે. બધું જ હોય પણ કલ્યાણકારી બુદ્ધિ ન હોય તો એનો કોઈ અર્થ નથી. આ કલ્યાણકારી બુદ્ધિ માટે જ ગાયત્રી છે. ધિયો યોનઃ પ્રચોદયાત્.

હું જીવનની કિંમત કરું છું. જીવન જીવતાં શીખવું હોય તો જ અહીં આવવું. દુઃખ સહન કરીને પણ જીવનની કિંમત કરો. ઘણા લોક મારી આગળ આવીને ૧૦-૨૦ રૂપિયા મૂકે છે. તેઓને હું પૂછી લઉં છું કે આ રૂપિયા મારા કલ્યાણ માટે જો મૂક્યા હોય તો મારું તો ક્યારનુંય કલ્યાણ થઈ ગયું છે. તમને એમ લાગતું હોય કે તમે અહીં જે પૈસા મૂકશો તેનો સદુપયોગ થશે અને એનું જે સુફળ મળશે એનાથી તમને ફાયદો થશે તો જ મૂકો.

તમો અમને ફૂલહાર ચઢાવો એમાં અમારું શું કલ્યાણ થવાનું ? એ તો ગળામાં ફાંસો ગણાય. અમે તો ઉતારીને નદીમાં નાખી દઈશું, તો એ હારના બદલે એના ખર્ચ જેટલા પૈસામાં જ ગાયને ઘાસ ખવડાવો કે ગરીબને અન્ન આપો તો સારું. હાર એ પ્રેમનું પ્રતીક નથી. પ્રેમ તો હૃદયની વસ્તુ છે. એ બતાવવાની વસ્તુ નથી.


અપમાન સહન કરવું પડે કે માર ખાવો પડે તો તે વેઠીને પણ જ્યાં જીવન જીવવાનું શીખવાનું હોય ત્યાં જાઓ. **જીવન જ સાથે આવશે, ધન સાથે નહિ આવે.** ગુરુ નાનકે એક કંજૂસ શેઠને સોય આપી અને કહ્યું કે 'આ સોય તમારી પાસે રાખો, આપણે સ્વર્ગમાં મળીશું ત્યારે એ પાછી આપજો. શેઠે કહ્યું કે સાથે તો કશું જ જતું નથી. ગુરુ નાનકે કહ્યું, 'શેઠ ! જો આટલી સોય સાથે આવવાની ન હોય તો આ કરોડો રૂપિયા શા માટે ભેગા કરો છો ?'

ફૂલહાર ચડાવવાથી આ બાવો તમને સિદ્ધિ આપી દેશે એમ ન માનશો. અહીં તો દળીને ખાઉં છું. તમે પણ દળો. **પુરુષાર્થ કરીને મેળવો. ઘંટી એટલે માળા અને ઘઉં એટલે મંત્ર.** એ હું તમને આપીશ. આ બાવો કડક છે એટલે એને બધા દુર્વાસા કહે છે, પણ તપ કરવું હોય તો જ અહીં આવવું. જ્યાં તપ હોય ત્યાં તાપ હોય છે. બહેનોને પૂછી જુઓ. અગ્નિ પાસે બેસીને ત્રણ કલાક તપે છે ત્યારે રસોઈ તૈયાર થાય છે. પછી ખાવા બેસો ત્યારે મીઠુંમરચું વધારે ઓછું છે એમ કહીને બહેનોનો વાંક કાઢો છો. એકવાર રાંધી તો જુઓ. ખબર પડે. સાચી ભૂખ ન હોય તો જ મીઠુંમરચું ઓછું, દોષ ત્રુટિ જણાય, એમ જેને જીવનભૂખ ઊઘડી હોય, એ જીવન કેમ બને છે એની ઉપર જ ધ્યાન આપે છે. એને બીજું કાંઈ સૂઝતું જ નથી.

જીવનઘડતર શરૂ કરતાં પહેલાં એકવાર બરાબર જોઈ તપાસી લો કે અહીં કંઈક મળશે, પછી જીવનઘડતર કરો. **જેને જીવનભૂખ લાગી નથી અને મફતમાં મેળવવું છે, ભિખારીવેડા કરવા છે એવા લોકો આ ગુરુ, પેલા ગુરુ એમ રખડ્યા કરે છે.** અમે કેટલું નાક રગળીએ છીએ ત્યારે કંઈક મેળવીએ છીએ. પરમ પુરુષાર્થ કરવો પડે છે. એટલે જ કહ્યું છે કે 'હરિનો મારગ છે શૂરાનો....'

હવે સમય એવો આવી રહ્યો છે કે કર્મ નહિ જોવાય, ભાવના જોવાશે. **ઈશ્વર ભાવ જુએ છે, કર્મ નથી જોતો. જગત કર્મ જુએ છે. ભગવાન ભાવનાશુદ્ધિ જુએ છે. ભાવનાશુદ્ધિ એ જ જીવનશુદ્ધિ.**

'પ્રજ્ઞારસમાધુરી', ઉત્તરાર્ધ, પ્ર.આ. પૃ. ૨૯૫ ❑




## વર્તન એ જ ઉપદેશ

પ્રત્યેક જીવાત્મા ભોગી થયા પછી રોગી થાય છે, ત્યાર પછી જ તે યોગી થઈ શકે છે. માટે, જે જીવ જેમ વર્તે તેમ વર્તવા દો. થાકશે એટલે ઠેકાણે આવશે. વાર્યા કોઈ નહિ વળે, હાર્યા વળશે. એમને એમના માર્ગે હારવા દો. તમે તમારા માર્ગે ચાલો.

તમારો ઉપદેશ તમે જ વર્તનમાં ઉતારો. વર્તનથી જ ઉપદેશ, વાણીથી નહિ.

- શ્રીદાસાનુદાસ

"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2018-2020
Valid upto 31st December - 2020 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Perpayment of postage No. PMG/HQ/004/2018-2020
valid upto 31-12-2020



સર્વ શાસ્ત્રમયી શ્રીમદ્ ભગવદ્‌ગીતા યોગશાસ્ત્ર જ છે. જેને આધુનિક કાલમાં પણ પ્રમાણભૂત માનવામાં આવે છે.

જ્ઞાનયોગ, ભક્તિયોગ અને ક્રિયાયોગ એ બધા યોગોનો 'યોગ' શબ્દમાં અંતર્ભાવ થાય છે. કોઈ એકાદ યોગને 'યોગ' સંજ્ઞા આપવી એ અજ્ઞાનતાનું પ્રદર્શન કરવા સમાન છે.

- યોગાચાર્ય સ્વામી કૃપાલ્વાનંદ

*'આસન અને મુદ્રા', બી. આ., પૃ. ૮૧*

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com